
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ નવેમ્બર, ૨૦૨૨
● વર્ષ : ૪૭ ● અંક : ૧૧
સાધુ એમ ઓળખાય,
હરિરસ પીએ સૌને પાય.




(૧-૪) ગઢડા તથા ભાવનગર ખાતે અનુક્રમે સત્સંગ સભા, પધરામણી તથા રાજીપાદર્શનમાં લાભ (૫-૮) નિકોલ તથા ઘનશ્યામનગર ખાતે પધરામણી તથા સત્સંગ સભામાં ગુરુજીનો લાભ




પોતે દુઃખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે; કૃપાથી મૂર્તિ આપીને, જનમનાં દુઃખ કાપ્યાં છે.


# ઘનશ્યામ

SMVS

૧૦ નવેમ્બર, ૨૦૨૨ ● વર્ષ : ૪૭ ● અંક : ૧૧


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org | Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી
૦૬ વચનામૃત સાર (લોયા : ૨, ભાગ-૨)
૦૮ સ્વાર્થઅંધી દુનિયા
૧૧ સ્નેહ તો એક પ્રભુમાં !
૧૩ અનંત ગુણોના સાગર
૧૬ તૃષ્ણાનું નાભિછેદન



**GHANSHYAM**

10 November, 2022 • Year : 47 • Edition : 11


**આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક**
**અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)**
**પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી**
**(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)**

**'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો :**

**૯૪૦૮૩૨૦૦૩૬**



# દિવ્યવાણી

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની
તા. ૬-૧૦-૨૦૨૨ની
દિવ્યવાણીમાંથી
સંકલિત

દેહભાવ ટાળી અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગી તરીકે આપણો એકમાત્ર લક્ષ્ય છે. સત્સંગમાં આવ્યા પછી અવરભાવ તૂટે અને દિન-પ્રતિદિન પરભાવની દૃઢતા થાય એ જ આપણે કરવાનું છે.

આ પરભાવની દૃઢતા માટેનો પ્રાથમિક-શ્રેષ્ઠ ઉપાય એટલે દાસત્વપણું. દાસત્વપણું એ શ્રીજીમહારાજનો દિવ્ય કલ્યાણકારી પરભાવી ગુણ છે. એટલું જ નહિ, પરભાવમાં પ્રવેશવાનો દરવાજો છે. આ ગુણની દૃઢતા માટેનું શ્રેષ્ઠ કીર્તન એટલે :

'દાસ થાવું રે, સૌના દાસ થાવું...'

તો આવો, આ કીર્તનની કેટલીક પંક્તિઓનું મનન-ચિંતન કરી દાસત્વની દુનિયામાં ગરકાવ બનીએ.

"દુભાય કોઈ વાણી વર્તને, એ તો અભિમાન;
ગર્વગંજન સીધા કરે, શ્રીહરિ ભગવાન."

એક મુમુક્ષુ તરીકે આ કીર્તન સાંભળ્યા પછી સ્વતપાસ કરવી જોઈએ. અનુતાપ-પરિતાપના વિચારે બ્રેક વાગવી જોઈએ. આ શબ્દો સમયે કામમાં આવે તો સમજવું કે કંઈક ભૂખ્યા અને ગરજુ છીએ. આપણે રાજીપો કમાવવો છે. પરંતુ આ સાંભળી 'સાચે સાચું તો કહેવું જ જોઈએ ને !' અથવા 'શું કરીએ ? વર્ષોનો અમારો સ્વભાવ છે; બોલવા બેસીએ ત્યારે ભાન નથી રહેતું.' 'મારા માટે હવે દાસ થવું અઘરું છે.' આવા વિચાર આવે એ આપણે આપણા સ્વભાવ પર કરેલો ઢાંકપિછોડો છે. સ્વભાવ નહિ છોડવાની આપણી ભીષ્મપ્રતિજ્ઞા છે અર્થાત્ આપણી દાનત જ ખોરી છે.

વાસ્તવમાં આપણે દાસત્વની ભૂમિકાને સમજ્યા જ નથી એના કારણે આવું બને છે. આપણે એવું સમજીએ છીએ કે દાસત્વપણું એટલે દબાઈને ફરવું. પરંતુ એ આપણી ગેરમાનીનતા છે. દાસત્વપણું એટલે દબાઈને ફરવું એમ નહિ, ડૂબીને ફરવું. ડૂબવું એ શબ્દ પરભાવી છે. કારણ સત્સંગીને ડૂબતા આવડવું જ જોઈએ. કારણ કે સૌમાં ડૂબતાં ડૂબતાં અંતે મૂર્તિમાં ડૂબવાનું છે. મૂર્તિમાં ડૂબવું એ અનાદિમુક્તનો ધર્મ છે. આ ડૂબવું એ જ ખરું દાસત્વપણું. પરંતુ એની શરૂઆત ઘર-પરિવારથી કરવી પડશે. કારણ કે જેને સંતોમાં, હરિભક્તોમાં, ઘર-પરિવારમાં ડૂબતા આવડશે એને જ મોટાપુરુષમાં ડૂબતા આવડે અને એને જ મૂર્તિમાં ડૂબતા આવડે. દરિયામાં ડૂબતા પહેલાં તળાવમાં ડૂબતા શીખવું પડે. મહારાજ અને મોટાપુરુષ દરિયાના ઠેકાણે છે. એમાં ડૂબતા



દાસત્વપણું એ મહારાજનો કલ્યાણકારી ગુણ છે.

પહેલાં સંતો-ભક્તો તથા ઘર-પરિવારમાં ડૂબતા શીખવું જ પડશે.

ખરેખર આપણને ડૂબતા આવડે જ છે. એટલું જ નહિ, આપણે ડૂબેલા જ છીએ. પરંતુ મૂર્તિમાં નહિ, આપણા અહમ્‌માં, મમત્વમાં, પંચવિષયમાં, રાગ-દ્વેષમાં અને અભાવ અવગુણમાં... બહુ વિચારજો.

આજ સુધી આપણે દાદા થઈને જ ફર્યા છીએ. સ્વમાં જ રાચ્યા છીએ એટલે સામેનાનો વિચાર જ નથી આવતો. બીજાના સ્થાન ઉપર બેસી જ નથી શકતા. બસ, હું કરું એ જ બરાબર. આ જ આપણે અહંકારમાં ડૂબેલા છીએ તેની નિશાની છે. બીજાને સમજતા શીખીએ, સાંભળતા શીખીએ. એ આપણા કૂંડાળાંમાંથી બહાર નીકળ્યા કહેવાય. અને સંતો-ભક્તોના મહિમાનો વિચાર કર્યા કરીએ એ એમનામાં ડૂબ્યા કહેવાય. બાકી આપણે સામેની વ્યક્તિ સુધી નથી પહોંચી શકતા તો મૂર્તિ સુધી કેવી રીતે પહોંચી શકીશું ? જો સામેની વ્યક્તિના સ્થાને બેસી એને જોતા આવડશે તો આપણને ખ્યાલ આવશે કે મારા આવા વ્યવહારથી સામેની વ્યક્તિ દુભાઈ ગઈ. અને તો આપણે કંઈક આપણા તોરમાંથી બહાર નીકળી શકીશું.

રખે ને મારાથી કોઈ દુભાઈ ન જાય આ બીક રાખવી. કારણ કે એ દુભાય સાથે એમાં રહેલા મહારાજ દુભાય. જો આ કરતાં પાછા નહિ વળીએ તો મહારાજ પછી સીધા કરે. કીર્તનની પંક્તિમાં એ જ કહ્યું ને કે,

"ગર્વગંજન સીધા કરે, શ્રીહરિ ભગવાન."


અનંતકોટિ બ્રહ્માંડમાં કર્તાપણું મહારાજનું જ છે. મહારાજ ડાઈરેક્ટ કે ઈનડાઈરેક્ટ ગમે તેના દ્વારા સીધા કરી નાખે. ગાય જેવા કરી નાખે. માટે મહારાજને સીધા કરવાની તક ન આપીએ. એમનો ડંડો આપણે નહિ સહન કરી શકીએ. બહુ જોયું છે. જેને એમનો સહેજ ડંડો અડ્યો હોય તે આખી જિંદગી ઊભો ન થઈ શકે. બહુ દાદા હોય, ઠાઠ હોય, આવડતના, સત્તા ને સંપત્તિના તોરમાં ફરતો હોય, એને કોઈ પહોંચી વળે એમ ન હોય. પણ મહારાજ એવું કરે કે સાવ ઢીલો ઢફ થઈ જાય. કાં તો એવો દીકરો આપે, કાં તો એવાં ઘરનાં કે એવો પાડોશ આપે. માટે એ સીધા કરે એના કરતાં પોતાની મેળે જ સીધા થઈ જઈએ. એ કો'કમાં પ્રવેશ કરીને દાસ કરે એના કરતાં એમના વચનોમાં, અભિપ્રાયમાં ડૂબીને દાસ થઈએ.

**આપણે એવું સમજીએ છીએ કે દાસત્વપણું એટલે દબાઈને ફરવું. પરંતુ એ આપણી ગેરમાનીનતા છે. દાસત્વપણું એટલે દબાઈને ફરવું એમ નહિ, ડૂબીને ફરવું. ડૂબવું એ શબ્દ પરભાવી છે. કારણ સત્સંગીને ડૂબતા આવડવું જ જોઈએ. કારણ કે સૌમાં ડૂબતાં ડૂબતાં અંતે મૂર્તિમાં ડૂબવાનું છે. મૂર્તિમાં ડૂબવું એ અનાદિમુક્તનો ધર્મ છે. આ ડૂબવું એ જ ખરું દાસત્વપણું.**

**દાસ થવાનું પહેલું પગથિયું :** તરત જ માફી માંગી લો. આ માટે એટલો વિચાર કરવો કે એમની જગ્યાએ હું હોઉં તો ! મારી જોડે કોઈ આવો વર્તાવ કરે તો મને કેવું દુઃખ થાય ?

પોતાપણું ટાળવાનો, 'હું'કારમાંથી બહાર નીકળવાનો આ પહેલો ઉપાય છે. આપણે સત્સંગમાં માનને ઘસવા, અહંકારને ઓગાળવા આવ્યા છીએ ને સત્સંગમાંય માન લઈને ફરવાનું ? તો આપણે શું મહારાજ ને મોટાને ઓળખ્યા ? શું એમનો સમાગમ કર્યો ?

દાસ થવાની શરૂઆત ઘરમાંથી કરવી પડશે; તો સત્સંગમાં થવાશે. ક્રિકેટ રમવાની શરૂઆત ઘરના આંગણામાંથી થાય પછી ધીરે ધીરે ઈન્ટરનૅશનલ સુધી પહોંચાય. સ્વાભાવિક છે દાસ થવાનો પ્રારંભ કરીશું એટલે કાઢું પડશે. જેમ રોગ થયો હોય તે જગ્યાએ દવા લગાવીએ એટલે ચચરે. પણ એ સારું છે. રોગ કાઢવા માટે ચચરે છે. થોડી તકલીફ પડશે પરંતુ એ વખતે આપણે મહારાજ સામે જોઈશું તો એ હસતા હશે. રાજી થતા હશે. બસ એથી અધિક આપણા માટે શું હોઈ શકે ? જે આપણું જીવન છે, જેના માટે આપણું જીવન છે એ રાજી થયા તેમાં બધુંય આવી ગયું. તો મહારાજના રાજીપા સામું દૃષ્ટિ રાખી દાસત્વપણું કેળવવા તત્પર બનીએ.



# વચનામૃત સાર

**લોયા : ૨ (ભાગ-૨)**

શ્રીજીમહારાજે લોયાના બીજા વચનામૃતમાં જણાવેલ પોતાના રહસ્યમય અભિપ્રાયનું આપણે પાન કરી રહ્યા છીએ. ગત લેખમાં આપણે શ્રીજીમહારાજે પૂછેલા પ્રશ્નનો હેતુ તથા કલ્યાણ વિષયક પ્રશ્નો પર મંથન કરેલું. હવે આગળ મહાપ્રભુ શું લાભ આપે છે તે જોઈશું.

**વચનામૃત : પછી કીર્તનની સમાપ્તિ થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે પરમહંસ સાંભળો : હું તમને એક પ્રશ્ન પૂછું છું ત્યારે મુનિ બોલ્યા જે, હે મહારાજ ! પૂછો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ સત્સંગમાં હરિભક્તને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ? અને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ? પછી મુક્તાનંદ સ્વામીએ જેવો આવડ્યો તેવો ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી બીજા પરમહંસ બોલ્યા જે, હે મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તમે જ્યાં સુધી કીર્તન બોલ્યા ત્યાં સુધી અમે એનો વિચાર કર્યો છે.**

**વિશ્લેષણ :** શું સ્વામીને ઉત્તર નહિ આવડ્યો હોય ને ? દેહદૃષ્ટિએ માત્ર લખ્યું છે એ પ્રમાણે જોઈએ તો એવું જ લાગે કે જોયું, સદ્. મુક્તાનંદ સ્વામીને પણ ઉત્તર ન આવડ્યો. એમનાથીય શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન ન થયું. પણ એવું નથી. સદ્. મુક્તાનંદ સ્વામી તો સત્પુરુષ હતા. સત્પુરુષ અખંડ મૂર્તિમાં રહેતા હોય. તેમના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ હોય. તો શ્રીજીમહારાજને શું ન આવડે ? પણ મોટાનું બધું હેતુસભર હોય. સમાજની દૃષ્ટિ હંમેશાં મુખ્ય (મેઈન) વ્યક્તિ સામે હોય. તેથી શ્રીજીમહારાજના મુખે ઉત્તર થાય તો બધાને વધુ સમાસ થાય, વધુ વિશ્વાસ આવે ને ઉત્તર માન્ય થઈ જાય. આથી સ્વામીએ ઉત્તર ન કર્યો. શ્રીજીમહારાજ અને મોટાના આવા હેતુને સમજવા બહુ અઘરા હોય છે. આથી જ કીર્તનમાં કહ્યું છે :

**"મોટા ઓળખવા એ છે ઘાંટી,**
**મનુષ્યભાવની રહી જાય આંટી."**

આગળ મહારાજ પણ એવી જ લીલા કરે છે. શ્રીજીમહારાજે કહ્યું કે, "તમે જ્યાં સુધી કીર્તન બોલ્યા ત્યાં સુધી અમે એનો વિચાર કર્યો છે." હવે શું શ્રીજીમહારાજને વિચાર કરવાનો હોય ? વિચાર તો મન કરે અને મન દેહધારીને હોય. પરંતુ અવરભાવમાં મહારાજ ને મોટા આવી રીતે જ વર્તે. માટે તેમની મનુષ્યભાવ-દિવ્યભાવની અનોખી રીતને હંમેશાં સમજી રાખવી તો સદા આનંદ આનંદ રહે. નહિતર એમની લીલા ક્યારેક આપણને સૂકા કરી નાખે.

**"પ્રાકૃત દિવ્ય ચરિત્ર મનોહર, મુમુક્ષુને છે સદાય સુખકર."**

આપણી પર બહુ મોટી કૃપા છે કે આપણને જીવનપ્રાણ અબજીબાપાશ્રી મળ્યા. તેમણે અવરભાવ-પરભાવ, કાર્ય-કારણ, પ્રત્યક્ષાર્થ-પરોક્ષાર્થ, મનુષ્યભાવ-દિવ્યભાવ આદિની વિગત સમજાવી. બાકી શાસ્ત્રોના શબ્દો સામું જોવા જઈએ તો કરોડો જન્મેય શ્રીજીમહારાજ હાથ આવે એવા નથી. ખરેખર આપણે ન્યાલ થઈ ગયા.

હવે આગળ શ્રીજીમહારાજ કહે છે કે, ચાર પ્રકારના હરિભક્તને મૃત્યુનો ભય ટળી જાય છે : (૧) વિશ્વાસી, (૨) જ્ઞાની, (૩) શૂરવીર અને (૪) પ્રીતિવાળો.



જ્યારે પ્રાપ્તિના કેફમાં રહેવાય ત્યારે મૂર્તિના સુખની યાત્રા ટૂંકાય.

આ ચારેય ભક્તનાં લક્ષણ શ્રીજીમહારાજ ક્રમશઃ જણાવે છે.

**વચનામૃત : તે અમારી નજરમાં તો એમ આવ્યું છે જે, ચાર પ્રકારના હરિભક્ત હોય તેને મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે. તે ચાર પ્રકારના હરિભક્તની વિક્તિ : એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર, ચોથો પ્રીતિવાળો. એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યુનો ભય નથી રહેતો ને દેહ છતે કૃતાર્થપણું મનાય છે. હવે એ ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ કહીએ છીએ : તેમાં જે વિશ્વાસી હોય તે તો ભગવાનના નિશ્ચયના બળ વડે કરીને મૃત્યુનો ભય રાખે નહિ ને એમ જાણે જે, મુને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે માટે હું કૃતાર્થ છું.**

**વિશ્લેષણ : (૧) વિશ્વાસી :** શ્રીજીમહારાજે અહીં અદ્‌ભુત વાત કરી છે. ઓછું સમજતા હોય ને બધા પર વિશ્વાસ રાખે એવા વિશ્વાસીની વાત નથી. પરંતુ શ્રીજીમહારાજની નિષ્ઠામાં વિશ્વાસની વાત છે. એક વખત શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ થયા પછી ગમે તેવા દેશ, કાળ, ક્રિયા, સંગમાં પણ સમજણ ફરે નહિ એ ખરેખરો વિશ્વાસી કહેવાય.

એનામાં કસર એટલી જ હોય કે એ બીજાને સમજાવી શકે નહીં. બાકી સ્વયં શ્રીજીમહારાજ આવીને એને પોતાની નિષ્ઠામાંથી ડગાવવા પ્રયત્ન કરે તોપણ ડગે જ નહીં. તો બીજાની તો વાત જ ક્યાં રહી ?

આવા વિશ્વાસી ભક્તને 'જ્યારથી મને શ્રીજીમહારાજના સ્વરૂપની ઓળખાણ થઈ છે ત્યારથી મારું પરિપૂર્ણ કલ્યાણ થઈ જ રહ્યું છે. મારે મરીને ધામમાં જવાનું નથી. છતે દેહે મૂર્તિધામમાં જ છું.' આવી સમજણના બળે મૃત્યુનો ભય ટળી જાય છે.

ઘણી વાર શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭માં આવ્યા અને સંવત ૧૮૮૬માં ગયા આવી પરોક્ષભાવની માન્યતા પ્રવર્તતી હોય છે. હવે મોક્ષનું સ્વરૂપ જ શ્રીજીમહારાજ છે. જો શ્રીજીમહારાજ ગયા તો મોક્ષ પણ ગયો. તો આવી પરોક્ષભાવની સમજણે કોટિ કલ્પેય મોક્ષની હા પડે ખરી ? મૃત્યુનો ભય ટળે ખરો ? ના. એ તો જ્યારે ભગવાનના ધામમાંથી પધારેલા સત્પુરુષ મળે અને એમના મુખે શ્રીજીમહારાજના પ્રગટભાવ-પ્રત્યક્ષભાવની તથા સર્વોપરી-સનાતનપણાની ઓળખાણ થાય ને એમાં જીવસત્તાએ વિશ્વાસ આવી જાય તો મોક્ષની હા પડે. બાકી દુકાન કરી ને નફો ન મળે તેનું શું ફળ ? નોકરી કરીએ અને પગાર ન મળે તો શું ફળ ? સત્સંગ કર્યો ને મોક્ષની હા ન પડે તો શું કામનું ?

એક ભાઈ કો'કનું ઘોડું ચોરીને લાવ્યા. જતાં જતાં રસ્તામાં એક ઠગ મળ્યો. તેણે પૂછ્યું, "ઘોડું વેચવું છે ?" "હા." "તો એક વાર ચેક કરવા માટે આંટો મારવા આપો." "આંટો મારવા આપું પણ કંઈક આપીને જા." પેલાએ જોડાં કાઢીને આપ્યાં કે, "લે આ જોડાં રાખ. હું આંટો મારીને આવું." પેલો આંટો મારવા ગયો એ ગયો; હજુ આવ્યો નથી. કો'કે પેલા ભાઈને પૂછ્યું કે, "ઘોડો કેટલામાં લીધો હતો ને કેટલામાં વેચ્યો ?" તો કહે, "લીધો હતો એટલામાં દીધો અને આ જોડાં નફામાં." આમ, જો આખી જિંદગી સત્સંગ કરીને જોડાં જ નફામાં મળતાં હોય તો એવા સત્સંગનું ફળ શું ? સમજણ વગરના સત્સંગનું આવું કામ છે.

જેને મહારાજની નિષ્ઠા સમજાય એના પાવરની વાત કંઈક જુદી હોય. હળવદના અમરશી ખત્રી હતા. રોજ ગામની ભાગોળ પાસેની નદીમાં કપડાં ધોવે અને જોડે જોડે ઊંચા સાદે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... નામ-સ્મરણ કરે. એક વખત ધ્રાંગધ્રા નરેશે તેમને પૂછ્યું કે, "અલ્યા અમરશી, તું આમ રોજ ઘાંટા પાડી પાડીને સ્વામિનારાયણ બોલે છે તે આ સ્વામિનારાયણ તારું કલ્યાણ કરશે ?" ત્યારે અમરશી ખત્રીએ એક સામાન્ય વ્યક્તિ હોવા છતાં કહી દીધું કે, "બાપુ ! મારા કલ્યાણની ક્યાં વાત કરો છો ? જ્યારથી આ સ્વામિનારાયણ મને મળ્યા ત્યારથી મારું કલ્યાણ તો થઈ જ ગયું છે. પણ મારા ઘરના તમામ સભ્યોનું અને મારા ઘરમાં રહેતાં ઢોર-ઢાંખર, ઉંદરડા, ખિસકોલા એ બધાયનુંય કલ્યાણ થઈ ગયું છે. એટલું જ નહિ, હે રાજન્ ! આજ તમે મારાં દર્શન કર્યાં, મારી વાત સાંભળી તો તમારુંય કલ્યાણ થઈ ગયું." આને કહેવાય વિશ્વાસી ભક્ત. આ છે નિષ્ઠાનો પાવર. આને જ કહેવાય ખરો સત્સંગ.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તો આથી આગળ વાત કરતાં કહેતા હોય છે કે, સામે પ્રતિમા સ્વરૂપે શ્રીજીમહારાજ મને પ્રગટ મળ્યા છે એટલું સમજવું એ પણ અધૂરું છે. એમાંય શ્રીજીમહારાજની અને આપણી વચ્ચે છેટાપણું તો રહ્યું છે. આપણા કારણ સત્સંગની સમજણ પ્રમાણે જે અક્ષરધામમાં મૂર્તિ છે એ જ સામે પ્રતિમા સ્વરૂપે છે. અને જે સામે પ્રતિમા સ્વરૂપે સાક્ષાત્ મહારાજ છે એ જ દેહને પાડીને દેહના સ્થાને પ્રતિલોમપણે આવીને બિરાજમાન થઈ ગયા છે અને મને (આત્માને) અનાદિમુક્ત કરીને આ જ મૂર્તિમાં પ્રતિલોમપણે રાખી લીધો છે. આ લટકના અભ્યાસે અનાદિમુક્તની સ્થિતિ માટે યત્નશીલ થવાનું છે. હવે આપણે જ્યારે છતે દેહે અનાદિમુક્તની સ્થિતિ કરવાની છે તો મોક્ષના ભયની વાત ક્યાંથી ? બસ, આવી સમજણના વિચારે સદાય કૃતાર્થપણામાં રાચતા રહીએ. (ક્રમશઃ)

# સ્વાર્થઅંધી દુનિયા



**વિરાટભાઈ કોઈક વ્યવહારિક પ્રસંગ નિમિત્તે પોતાના સત્સંગી મામા મેહુલભાઈના ઘરે જાય છે. પ્રસંગ પૂર્ણ થયા બાદ બધા મહેમાનોને વિદાય આપી બંને સોફા પર બેસી વાર્તાલાપ કરે છે.**

**મેહુલભાઈ :** વિરાટ, શ્રીજીમહારાજની દયાથી હેમખેમ પ્રસંગ પૂર્ણ થયો હેં ને ?

**વિરાટભાઈ :** હા મામા, આપણે પ્રસંગ સાત્ત્વિક રીતે ઊજવ્યો, મહારાજ ને ગુરુજીની રુચિમાં રહીને ઊજવ્યો. તેથી મહારાજ ખૂબ રાજી થયા અને ભેળા ભળ્યા.

(ફોનમાં મૅસેજ ઍલર્ટ)

**વિરાટભાઈ :** મામા, હું કાલે ગામડે જવા નીકળું છું, રેલવેની ટિકિટ પણ આવી ગઈ છે.

**મેહુલભાઈ :** બહુ સારું, પણ જતા પહેલાં મારું એક કામ કરીશ ?

**વિરાટભાઈ :** કેમ નહીં ? શું કામ છે મામા ?

**મેહુલભાઈ :** આ શ્લોકને (મેહુલભાઈના દીકરાનું નામ શ્લોક છે) છ મહિના પૂર્વે મહારાજની દયાથી સારામાં સારી આઈ.ટી. કંપનીમાં ૧૫ લાખના વાર્ષિક પૅકેજ સાથે જૉબ મળી છે. તેનું ફ્યૂચર ખૂબ બ્રાઇટ છે. પણ કોણ જાણે કેમ ? જ્યારથી જૉબ પર જાય છે ત્યારથી કોઈક જુદા જ વિચારોમાં રમતો હોય તેવું લાગે છે.

એની ઉંમર લગ્ન કરવાને લાયક થઈ ગઈ છે. લગ્નની વાત કરીએ તો કોઈ જવાબ જ આપે નહીં. શ્લોક સાંજે ઘરે આવે એટલે જમીને સીધો જ પોતાના રૂમમાં જતો રહે. છેલ્લા કેટલાય સમયથી અમારી સાથે વાતચીત કરવાનું કે હસવા-બોલવાનું ભૂલી ગયો હોય તેવું લાગે છે. તેનું વર્તન સંપૂર્ણ બદલાઈ ગયું છે. તું આવ્યો જ છે તો આજે રાત્રે શ્લોક જોડે બેસજે. મને વિશ્વાસ છે કે તને એ પોતાના અંતરની વાત કહેશે.

**વિરાટભાઈ :** સારું મામા. મારાથી બનતા બધા જ પ્રયત્નો કરીશ.

(સાંજે વિરાટભાઈ શ્લોકની જોડે બેસે છે.)

**શ્લોક :** મોટા ભાઈ, આ પ્રસંગની ધમાલમાં તમને મારી સાથે વાત કરવાનો સમય જ ન મળ્યો હેં ને ?

**વિરાટભાઈ :** (હસતાં હસતાં) શ્લોક, પ્રસંગ તારા ઘરે હતો. તેં કોઈ સેવા ન બજાવી તો મારે તો કરવી પડે ને !

**શ્લોક :** હા મોટા ભાઈ, વાત સાવ સાચી.

**વિરાટભાઈ :** શ્લોક, બધું બરાબર તો ચાલે છે ને !

**શ્લોક :** હા, આમ તો બરાબર છે પણ...

**વિરાટભાઈ :** પણ શું ? હું અહીં આવ્યો છું ત્યારથી તારું વર્તન કંઈક જુદું જ જોવા મળે છે. તું કોઈક વિચારોમાં ખોવાયેલો રહેતો હોય તેવું લાગે છે.

**શ્લોક :** હા, તમારું ગેસિંગ એકદમ સાચું છે. છ મહિના પૂર્વે મારા બેસ્ટ ફ્રેન્ડના જીવનની કરુણ કહાનીએ મને વિચારતો કરી મૂક્યો છે.

**વિરાટભાઈ :** તું માંડીને વાત તો કર.

**શ્લોક :** મારો બેસ્ટ ફ્રેન્ડ વિશ્વાસ. કૉલેજના પહેલા વર્ષથી અમે ખાસ મિત્રો.

છ મહિના પૂર્વે કૉલેજના વિદાય સમારંભમાં તે ખુશ થવાને બદલે દુઃખી હતો. ૫-૬ વર્ષથી તે કૉલેજની હૉસ્ટેલમાં ભણતો હતો. તેથી મેં સહસા જ પૂછી લીધું, “કેમ મિત્ર ! ઘરે જવાનો તને કોઈ આનંદ નથી ?” વિશ્વાસ કશું બોલ્યો નહીં. સમારંભ પૂર્ણ થતાં એણે મને એના રૂમ પર બોલાવ્યો. ત્યારે પણ મેં પૂછ્યું, “ભાઈ તારે સામાન પૅક કરવો નથી ? ઘરે જવાનું નથી ?” ત્યારે અતિ ભારે હૈયે તે બોલ્યો, “હું ક્યાં જઉં ?” “ક્યાં જઉં એટલે ? તારા ઘરે.” ત્યારે તે રડતાં રડતાં બોલ્યો, “શ્લોક, મારે ઘર જ નથી.” શાંત થયા બાદ છ વર્ષમાં મને અણસાર સુધ્ધાં ન આવે તેવી તેના જીવનની કરુણ કથની સાંભળી મારું અંતર રડી ગયું.

**વિરાટભાઈ :** શ્લોક, તને કોઈ વાંધો ન હોય તો તારા મિત્રની વાત મારી જોડે શેર કરી શકીશ ?

**શ્લોક :** (રડમસ અવાજે) વિશ્વાસ 5th standardમાં હતો ત્યારે તેના પિતા અચાનક અકસ્માતમાં ધામમાં જતા રહ્યા. ઘરમાં હવે માત્ર તે અને તેનાં મધર (માતુશ્રી) બે જ રહ્યાં. તેનાં મધર એક સ્કૂલમાં ટીચર તરીકે જૉબ કરતાં. તેથી ઘરમાં આર્થિક સંકડામણ ન હતી. છ-આઠ મહિનામાં આ ભારે આઘાતમાંથી બહાર આવી વિશ્વાસ અને તેનાં મધર રૂટિન જીવન જીવવા લાગ્યાં. વિશ્વાસ ભણવામાં મારા કરતાં પણ આગળ છે. નાનપણથી હંમેશાં ૯૦-૯૫ % લાવતો. તેણે 12th scienceમાં ખૂબ મહેનત કરી. ૮૫% આવ્યા. એ ખુશ થતો થતો સ્કૂલે રિઝલ્ટ લેવા ગયો. ઘરે આવીને જોયું તો ઘરને તાળું. નીચે એક ચિઠ્ઠી મળી : ‘બાજુવાળા જોડેથી ચાવી તથા કવર મેળવી લેજે.’ વિશ્વાસે કવર ખોલીને જોયું તો તેના મમ્મીએ લેટર લખ્યો હતો :

“બેટા, તારા પપ્પા મૃત્યુ પામ્યા પછી હું બહુ જ એકલવાયાપણું અનુભવતી હતી. આમ પણ આખી જિંદગી એકલા પસાર કરવી મારા માટે અશક્ય હતી. તેથી ચાર-પાંચ વર્ષ પહેલાં મેં સુપાત્ર વ્યક્તિ સાથે લગ્ન કરી લીધાં. તેમના કહેવા મુજબ હું તને મારી સાથે રાખી શકું તેમ નથી. તેથી તું mature થઈ જા તેની જ રાહ જોતી હતી. તું ખૂબ હોશિયાર છે, તારું ભવિષ્ય ઊજળું છે. હવે તું તારી જિંદગી તારી રીતે જીવવા સક્ષમ થઈ ગયો છે. તેથી તને છોડીને હું કાયમ માટે જઉં છું. તને મારી યાદ સતાવશે અને મને પણ. છતાં નછૂટકે આ પગલું ભર્યું છે. તું મને માફ કરી દેજે. હું કાયમ માટે તને છોડીને જઉં છું. મારી પાસે બીજું તો કંઈ નથી પણ તારા માટે આ ઘર છોડીને જઉં છું.”

આ પત્ર વિશ્વાસે મને પણ વંચાવ્યો. હું વાંચી ખૂબ દુઃખી થઈ ગયો. તેના જીવનની કથની સાંભળી મેં તેને આપણા ઘરે મારી જોડે રહેવા આવવાનું કહ્યું પરંતુ તેણે મારો પ્રસ્તાવ સ્વીકાર્યો નહીં.

**વિરાટભાઈ :** હાલ તે શું કરે છે ? ક્યાં રહે છે ?

**શ્લોક :** હાલ તો એ એ જ હૉસ્ટેલમાં સુપરવાઈઝર તરીકે રહે છે અને અમારી કૉલેજમાં પ્રોફેસર તરીકે જૉબ કરે છે. હું તેને દર રવિવારે મળવા જઉં છું. બસ, આ પ્રસંગ સાંભળ્યા પછી મને પણ જગતથી ઉદાસીનતા જ વર્તે છે. ખરેખર મોટા ભાઈ આ દુનિયા સ્વાર્થથી ભરેલી છે. જ્યાં સગી મા પણ પોતાની રહેતી નથી.

**વિરાટભાઈ :** તો હવે તારો શો વિચાર છે ?

**શ્લોક :** મોટા ભાઈ, મેં લગ્ન કરવાનો વિચાર તો માંડી વાળ્યો છે પણ તમે જે રીતે અધ્યાત્મ માર્ગમાં આગળ વધી રહ્યા છો એ રીતે મારે આગળ વધવું છે. તો તે માટે મને મદદ કરશો ?

**વિરાટભાઈ :** તું લગ્ન નહિ કરે તો શું કરીશ ? આખી જિંદગી આ રીતે ઘરે તો રહેવાશે નહીં.

**શ્લોક :** એ તો બધી પછીની વાત છે. સંસારના રંગો જોયા પછી સંસારમાં પડે તે મૂર્ખ જ કહેવાય. પણ મેં ભગવાનના રાજીપાનો, ભગવાનના સુખનો સ્વાદ ચાખ્યો નથી તેથી ત્યાગાશ્રમનો વિચાર પણ આવતો નથી. માટે સૌથી પહેલાં તો ઘરમાં રહીને તમે જેમ મહારાજ ને મોટાને રાજી કરવા મંડ્યા છો તેમ મારે કરવું છે. તે માટે મને રસ્તો સુઝાડો.

**વિરાટભાઈ :** શ્લોક, જગતની કોરેથી તો તું પાછો વળી ગયો છે. હવે ભગવાનની કોરે આગળ વધવા મારી દૃષ્ટિએ એક ઉપાય છે.

**શ્લોક :** કયો ઉપાય ?

**વિરાટભાઈ :** ભગવાન સાથે પ્રીતિ કરતાં પૂર્વે ભગવાનના સત્પુરુષ સાથે પ્રીતિ કરવી ફરજિયાત છે, કારણ કે અત્યારે મોટા આપણને સજાતિ રીતે વર્તે છે.

**શ્લોક :** મોટાપુરુષ સાથે પ્રીતિ કેવી રીતે થાય ?

**વિરાટભાઈ :** સૌથી પ્રથમ તો ગુરુજીની અવરભાવની મૂર્તિનાં દર્શનનો આલોચ જાગવો જોઈએ. તે માટે જેમ કોઈ આપણા પ્રિયજન હોય તેનો ફોટો આપણે કમ્પ્યૂટર કે મોબાઈલના વૉલપેપર પર રાખીએ તે રીતે ગુરુજીને પોતાના પ્રિયતમ કરી તારા વૉલેટમાં, મોબાઈલ, કમ્પ્યૂટરના વૉલપેપરમાં તેમની મનપસંદ મૂર્તિ રાખી દે. રોજ ગુરુજીનાં દિવ્યભાવે દર્શન અને વાતો કરવાનું

શરૂ કર, એનાથી આપમેળે પ્રીતિ જન્મશે.

**શ્લોક :** બીજું ?

**વિરાટભાઈ :** બીજું, મોટાપુરુષ કોણ છે ? શા માટે પધાર્યા છે ? આપણા જીવનમાં મોટાની શું જરૂરિયાત છે ? તેવું મોટાનું મહાત્મ્ય થાય તેવી ગુરુજીની સભા સાંભળવાનું શરૂ કર. વળી, અનાદિમુક્ત વેબસાઇટ પરથી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીના દિવ્ય પ્રસંગોનું વાંચન-મનન કરવાથી ખૂબ અહોભાવ થશે.

અને હા, એક મહત્ત્વની વાત કે, ગુરુજી આપણા સેન્ટરમાં પધારે ત્યારે તેમની જોડે વિશેષ રહેવાય, નિકટતા કેળવાય, તેમની અંગત સેવા મળે તેવા વિશેષ પ્રયત્નો કરવા. સાથે સમય મળે ત્યારે ગુરુજી સાથે વિચરણમાં જવાનો લાભ પણ લેવો.

**શ્લોક :** હાલ હું દરરોજ ગુરુજીનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે એક માળા તથા પ્રાર્થના કરું છું.

**વિરાટભાઈ :** હા, એ બરાબર છે. એથી વિશેષ ઘરમાં કોઈ સિઝનની નવી વસ્તુ આવે તો પહેલાં ગુરુજીને ખાસ મોકલવી. એ પ્રીતિનું લક્ષણ છે.

**શ્લોક :** સારું થયું આપે કહ્યું. હવે તો મારી જુદી સેલેરી આવે છે તો ગુરુજી તથા પૂ. સંતો માટે સારામાં સારું ફ્રૂટ તથા વસ્તુ પણ લાવી શકીશ.

**વિરાટભાઈ :** બીજો એક ઉપાય કહું ? પણ થોડો અઘરો છે.

**શ્લોક :** હા મોટા ભાઈ, આપ નિશ્ચિંતપણે કહો. ગુરુજી સાથે પ્રીતિના નાતે જોડાવા હું કંઈ પણ કરવા તૈયાર છું.

**વિરાટભાઈ :** ગુરુજી સાથે નિકટતા કેળવવાનું શ્રેષ્ઠ માધ્યમ છે નિષ્કપટભાવ. તારા જીવનમાં આજ સુધી જે કંઈ પણ ભૂલો થઈ હોય, આજ્ઞા બહાર વર્તાયું હોય... તમામ બાબતો ગુરુજી જોડે કબૂલ કરી લેવી. પત્ર દ્વારા અથવા રૂબરૂ. જેનાથી ગુરુજી બહુ રાજી થશે. જેનાથી ગુરુજીથી બહુ નિકટ આવી જવાય, દયાને પાત્ર બની જવાય.

**શ્લોક :** આ ઉપાય પ્રમાણે હું ચોક્કસ કરીશ. એમની સાથે નિકટતા કેળવવા એક સમયે તો મારે મારા જીવનની ડાયરી એમની આગળ ખુલ્લી કરવી જ રહી ને !

**વિરાટભાઈ :** ગુરુજી સાથે નિકટતા કેળવ્યા પછી, સંબંધો બાંધ્યા પછી સંબંધોને બરકરાર રાખવા એક બાબત કાયમી ધ્યાનમાં રાખવી પડશે.

**શ્લોક :** મોટા ભાઈ, કઈ બાબત ?

**વિરાટભાઈ :** ગુરુજીની દરેક આજ્ઞામાં અને રુચિમાં વર્તવું પડશે. આ અઘરું જરૂર પડશે પરંતુ મારા આટલા વર્ષોના અનુભવ પછી હું ચોક્કસપણે એક વાત કહું છું કે, 'મહારાજ ને મોટાના ગમતામાં ને આજ્ઞામાં રહેવું એ જ આપણાં તમામ સુખરૂપી તાળાં ખોલવાની કૂંચી છે.'

**શ્લોક :** બરાબર છે મોટા ભાઈ. Thank you very much. મને નવો રસ્તો સુઝાડ્યો. આપે આપેલા ઉપાયો હું જરૂરથી અજમાવીશ. અને મને જે જે અનુભવો થશે તે આપની સાથે share કરતો રહીશ.

**વિરાટભાઈ :** જરૂર. બીજી એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે આપણા કારણે આપણા ઘરના સભ્યોને ચિંતા થાય તેવું ક્યારેય ન કરવું. તારા આ બધા વિચારો બહુ સારા ને યોગ્ય જ છે. પરંતુ એના કારણે ઘરના સભ્યો સાથે સાવ અબોલા જેવું વર્તન કરી નાખવું એ યોગ્ય નથી. એમની લાગણીઓને પણ તારે ધ્યાનમાં રાખવી જોઈએ.

**શ્લોક :** Sorry મોટા ભાઈ, આ બધા વિચારોના કારણે મને કોઈની જોડે બોલવાની ઈચ્છા જ નથી થતી. છતાં હવેથી ધ્યાન રાખીશ.

(બંને વાત કરતા હતા ત્યાં મેહુલભાઈ આવે છે.)

**મેહુલભાઈ :** ચાલો મુક્તો, હવે મોડી રાત થઈ ગઈ છે. પોઢી જઈએ.

**વિરાટભાઈ :** આ શ્લોક મહારાજને સૂનમૂન રહેતા જોઈ થોડી ચિંતા થઈ એટલે એમની જોડે બેઠો હતો.

**મેહુલભાઈ :** ચિંતા તો મને પણ થાય છે. પણ શું કરીએ શ્લોક કંઈ બોલતો જ નથી ને !

**શ્લોક :** Sorry પપ્પા. હવેથી આપને ચિંતા થાય એવું હું નહિ કરું.

**મેહુલભાઈ :** તો તો બહુ સારું.

**વિરાટભાઈ :** શ્લોક તો હવે આપની સાથે હળીમળીને રહેશે. પરંતુ હવે એને ભૌતિક સુખોમાં-દુનિયામાં બિલકુલ રસ નથી. તે હવે અધ્યાત્મ માર્ગે આગળ વધવા માગે છે. તો આપને પણ એને સંપૂર્ણ સપોર્ટિવ થવું જોઈશે.

**મેહુલભાઈ :** Why not ? શ્લોક બેટા, આટલું મને કહી દીધું હોત તો ક્યારની વાત પતી ગઈ હોત.

**શ્લોક :** Very sorry પપ્પા.

**વિરાટભાઈ :** ચાલો, હવે બધા પોઢી જઈએ.

**મેહુલભાઈ :** હવે તો નિરાંતે નીંદર આવશે. ચાલો ત્યારે જય સ્વામિનારાયણ.



એસ.એમ.વી.એસ. સંસ્થાના એક સેન્ટરની સત્સંગ સભાના અંતે જાહેરાત થઈ, “મંદિરના પરિસરમાંથી કોઈનું પાકીટ મળ્યું છે. જેમનું પાકીટ ખોવાયું હોય તેઓ સત્વરે પાછળ કાઉન્ટર પરથી મેળવી લેશો.” એક સાઠ વર્ષના વડીલ ઊભા થયા અને કાઉન્ટર પાસે જઈ કહ્યું, “ભાઈસા’બ, મારું જ પાકીટ ખોવાઈ ગયું છે. પાછું આપો.”

કાઉન્ટર પરના સ્વયંસેવકે વિનમ્રતાથી કહ્યું, “Sorry અંકલ, મેં આપને આજે અહીં પહેલી વાર જોયા છે. મને આપની પર કોઈ શંકા નથી પરંતુ ખાતરી કરવાનો અમારો ધર્મ બને માટે આ પાકીટ આપનું જ છે એની કોઈ સાબિતી આપી શકશો?”

“અરે હા, એમાં આપણા ગુરુજીની નાની છબી છે અને એક હજાર રૂપિયા છે.”

“દયાળુ, એ તો અહીં સત્સંગ સભામાં આવનાર સર્વેને ગુરુજીનો મહિમા હોય જ એટલે એમની મૂર્તિ બધાના પાકીટમાં હોય જ અને એવું જ એક હજાર રૂપિયાનું પણ થાય. આ સાબિતી ન ગણાય!”

“એમાં એક ચબરખીમાં મારા મિત્રનો ફોન નંબર લખેલો છે.” કહી વડીલે એ નંબર બોલી સંભળાવ્યો.

“હા, બરાબર છે. માફ કરજો. લો તમારું પાકીટ. અંકલ, પાકીટમાં તમારો કે કોઈ પ્રિયજનનો ફોટો ઓળખાણ માટે કેમ રાખતા નથી?” પાકીટ પાછું આપતાં સ્વયંસેવકે કહ્યું.

**સ્નેહ તો એક પ્રભુમાં !**

વડીલ કંઈ જવાબ આપ્યા વિના બે ક્ષણ ત્યાં જ થંભી ગયા. એમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

“અરે દયાળુ, આપની આંખમાં આંસુ કેમ?” કહેતાં સ્વયંસેવકે વડીલનો હાથ ઝાલી ખુરશીમાં બેસાડ્યા. એક કિશોર તેમના માટે જળ લઈ આવ્યા. વડીલ જરા શાંત પડ્યા. તેમની આજુબાજુ સેવામાં રહેલા કેટલાક કિશોરો ગોઠવાઈ ગયા.

પોતાના જીવનની દાસ્તાન કહેતાં વડીલ બોલ્યા, “હું નાનો હતો ત્યારે મારા પિતાએ મને આવું જ એક પાકીટ લઈ આપેલું. હું મારા માતાપિતાને ખૂબ ચાહતો. એમનાથી અધિક મારા માટે દુનિયામાં બીજું કોઈ નહોતું. તેઓ જ મારું સર્વસ્વ હતાં. તેઓ જ મારા ભગવાન હતાં. પાકીટમાં રોજ તેમનાં દર્શન કરી હું દિવસનો પ્રારંભ કરતો.

પછી હું કૉલેજમાં આવ્યો. યુવાની અવસ્થામાં મને

મારો જ ચહેરો ગમવા લાગ્યો એટલે માતાપિતાનો ફોટો કાઢી મેં મારો ફોટો રાખ્યો. દિવસમાં વારંવાર મારો ચહેરો જોઈ હું ખુશ થતો.

પછી મારી સગાઈ થઈ. લગ્ન થયાં. એટલે મને મારી પત્નીમાં સ્નેહ બંધાયો. પછી મારો ફોટો કાઢી મારી પત્નીનો ફોટો રાખ્યો. પાકીટ બદલાય પરંતુ ફોટો તો મારી પત્નીનો જ રાખતો.

મારે ઘેર એક દીકરાનો જન્મ થયો. પછી તો કાળજાના કટકા સમો દીકરો જ મને બહુ વ્હાલો લાગવા માંડ્યો. પછી એનો ફોટો પાકીટમાં રાખતો.

મારાં માતાપિતા ઉંમરલાયક બનતાં પ્રભુના ઘરે સિધાવી ગયાં. મારી પત્નીને બે વર્ષ પહેલાં કેન્સર થયેલું. એ પણ ગયે વરસે મને મૂકીને પ્રભુ પાસે પહોંચી ગઈ. હવે રહ્યો મારો કાળજાનો કટકો - મારો દીકરો. દીકરાનાં લગ્ન થયાં. ઘરે વહુ આવી. એ અને એની પત્ની મને ખૂબ સારી રીતે રાખતાં. કદી અવિવેકભરી વાણી-વર્તનથી મને દુખવ્યો નહોતો.

એક દિવસ મારા દીકરાએ મને કહ્યું, "પપ્પા, મારે ફૅક્ટરીમાં નવી મશીનરી લોન પર લેવી છે. લોન માટે બતાવવા મારી પાસે પૂરતી પ્રૉપર્ટી નથી. પૂરતા પૈસા નથી. પપ્પા, હું તમારો એકનો એક દીકરો જ છું. આજે નહિ તો કાલે બધી મિલકત મારા જ નામે કરવાના છો તો જો આજે તમે મારા નામે પ્રૉપર્ટી લખી આપો તો હું લોન મેળવી શકું." મેં દીકરાની વાત સહજમાં માની કાંઈ લખાણ વિના બધી પ્રૉપર્ટી તેના નામે લખી આપી. થોડા દિવસ બાદ મને બહાર ગાર્ડનમાં ફરવા લઈ ગયો. સારી સારી વાતો કરી બીજા દિવસે અચાનક મને પહેરે લૂગડે બહાર નીકળી જવા કહ્યું. મેં કારણ પૂછ્યું તો મારી આગળ મનફાવે તેમ બોલવા માંડ્યો. કદી નહિ કરેલું બેહૂદું વર્તન મારી આગળ કરવા લાગ્યો. એણે મારો એક વિચાર ન કર્યો. મારો એક શબ્દ ન સાંભળ્યો. મને ઘર બહાર કાઢી મૂક્યો.

મારે વિશાળ બંગલો હોવા છતાં ઉપર આભ અને નીચે ધરતી એવી સ્થિતિ થઈ ગઈ. છતાં દીકરાએ હું વાંઝિયો બની ગયો. મારું હવે કોઈ નહોતું રહ્યું. આ ઘટના બાદ મને ખૂબ આઘાત લાગ્યો. સ્વાર્થથી ભરેલી દુનિયાના મેં બહુરંગ જોઈ મારા દીકરાનો ફોટો પણ પાકીટમાંથી કાઢી નાખી દીધો. પછી પ્રશ્ન થયો કે હવે કોનો ફોટો પાકીટમાં રાખવો ? જેને મેં મારા માની તેમના પ્રત્યે સ્નેહ દાખવ્યો તે તો બધા જ મને સાવ એકલો છોડી ચાલ્યા ગયા.

નિરાધાર બનેલો હું મારા મિત્રના ઘરે ગયો. તેણે મને આશરો આપ્યો. એક દિવસ તે મને મંદિરે લઈ આવ્યો. ગુરુજીનાં દર્શન કર્યાં. ગુરુજી સાથે અંગત બેસવાનો લાભ અપાવ્યો. ગુરુજીએ એકાંતમાં મને ખૂબ સ્નેહ આપ્યો. ગુરુજીને મારા જીવનની બનેલી ઘટના કહી હું તેમના ખોળામાં માથું મૂકી રડી પડ્યો. ત્યારે ગુરુજીએ પોતાના ગાતડિયાથી મારાં આંસુ લૂછ્યાં. અને મને ખૂબ વ્હાલ સાથે સમજણ અને હિંમત આપી. બસ ત્યારથી આ પાકીટમાં મેં ગુરુજીની છબી રાખી દીધી છે. જો પહેલેથી જ મને ખબર હોત કે સ્નેહ કરવા જેવા તો એક ભગવાન અને ગુરુજી જ છે. તેઓ જ મારા સાચા નિઃસ્વાર્થ સ્નેહીજન છે. સાચાં માવતર છે. તો પહેલેથી જ હું આ પાકીટમાં શ્રીજીમહારાજ અને ગુરુજીની મૂર્તિ જ રાખત. એમને જ સ્નેહ કરત."


વડીલની આંખો ફરી આંસુઓથી ભરાઈ આવી હતી. આગળ કશું જ બોલ્યા વગર તેઓ બે હાથ જોડી ધીમા પગલે ત્યાંથી નીકળી ગયા. આ બાજુ કાઉન્ટર પાસે બેઠેલા યુવક અને કિશોરોએ એકબીજા સામે જોયું. પછી સૌએ પોતપોતાના સ્માર્ટ ફોન હાથમાં લીધા. સ્ક્રીન પર રહેલ પોતાનો, પોતાના મિત્રનો કે પોતાની પત્નીનો ફોટો હટાવી ત્યાં મહારાજ અને ગુરુજીની મૂર્તિ મૂકી દીધી. સંચાલક યુવકે એક કિશોરને કહ્યું, "આવતી કાલે એકસરખી ગુરુજીની પૉકેટ મૂર્તિ તૈયાર કરી લાવજો. બધાને પાકીટમાં રાખવા આપીશું."

વ્હાલા મુક્તો, દેહ અને દેહના સંબંધીજનોના સ્નેહ તો પાણીના પરપોટા જેવા ક્ષણિક અને નાશવંત હોય છે જ્યારે અચળ અને અવિનાશી સ્નેહ તો એકમાત્ર ભગવાન અને સત્પુરુષ જ કરી શકે છે. તો આપણે પણ વ્હાલા ગુરુજી સાથે સાચો સ્નેહ કરીએ. એમની નિરંતર સ્મૃતિ રહે, દરરોજ એમનાં દર્શન થાય, એમનું સાંનિધ્ય અનુભવાય તે માટે આપણી મોબાઈલની સ્ક્રીન પર ગુરુજીની મૂર્તિ રાખીએ.



**નિ:સ્વાર્થ સ્નેહમાં પરમાત્માનો સંબંધ હોય છે.**

ઈ.સ. ૨૦૧૯ના માર્ચ મહિનામાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી ગોધરા વિચરણ અર્થે પધાર્યા. વિચરણમાં ગુરુજીની દિનચર્યા ખૂબ જ વ્યસ્ત હતી. સવારે મંગળા આરતી, ધ્યાન બાદ પ્રાતઃ સભા, પધરામણી, રસોઈ અને સાંજે એકાંત કર્યા બાદ પધરામણી, જાહેર સભા, અંગત સભા આદિ પ્રોગ્રામોમાં લાભ આપી ગુરુજી મંદિરે પધાર્યા. દિવસ દરમ્યાનનો શિડ્યૂલ ખૂબ વ્યસ્ત હતો ને એમાં જોડે રહેલા સંતો-મુક્તોને લાભ નહોતો આપી શકાયો એટલે થાકી ગયા હોવા છતાં રાત્રે ૧૧:૩૦ વાગે બધાને ૧૫થી ૨૦ મિનિટ સુધી સભા કરી બળ આપ્યું. સભા બાદ ગુરુજીનું પોઢવા માટે આસન કર્યું ને ગુરુજી પોઢવા માટે પધાર્યા. રૂમમાં જગ્યા હતી એટલે વિચરણમાં જોડે લાભ લેવા માટે આવેલા સંતો-મુક્તોને પોઢવા માટે આસને બોલાવી લીધા.



# અનંત ગુણોના સાગર

પૂ. સંતોએ પ્રાર્થના કરી કે, ''આપ થાક્યા છો માટે આપ પોઢો. અમે બધા બહાર અન્ય રૂમોમાં પોઢી જઈશું.'' ગુરુજીએ કહ્યું, ''ના, આ બધા મુક્તોની જોડે અમને પોઢવાનો લાભ મળે ક્યાંથી ! માટે એમને અમારા આસને જ બોલાવી લો.'' ગુરુજીની આજ્ઞા થઈ એટલે બે પૂ. સંતો અને એક સમર્પિત મુક્ત પથારી લઈ આસને પોઢવા માટે ગયા. ગુરુજી ખૂબ થાક્યા હતા એટલે મહારાજને પોઢતા પહેલાં બે દંડવત, પ્રાર્થના કરીને તરત પોઢ્યા. થોડી વાર બાદ અચાનક ગુરુજી પથારીમાં બેઠા થયા એટલે જોડે જે સંતો હતા એમણે પૂછ્યું, ''મહારાજ ! શું થયું ?'' ''મહારાજનો અપરાધ થાય છે.'' પૂ. સંતોને સમજાયું નહિ એટલે ફરી પૂછ્યું, ''દયાળુ, સમજાયું નહિ; આપ શું કહેવા માગો છો ?'' ''મહારાજ સામે ચરણ રાખી ન પોઢાય ને અમારા ચરણ આ મહારાજની (પૂ. સંતની) પથારીની સામે છે માટે અમારું ગાદલું ફેરવો. જેમ મહારાજની મૂર્તિ આગળ પગ જાય એવી રીતે ન પોઢાય એમ આપ બધાયમાં મહારાજ બિરાજમાન છે માટે આવી રીતે ન પોઢાય.''

પેલા સંતે કહ્યું, ''દયાળુ, આપના ચરણ મારા સુધી હોય જ ક્યાંથી ! ક્યાં આપ ને ક્યાં હું !'' સાથે રહેલા સંતોએ પણ પ્રાર્થના કરતાં કહ્યું, ''દયાળુ, આપની સાથે પોઢવાનો લાભ મળ્યો એ જ અમારા પર બહુ મોટી કૃપા કહેવાય. માટે દયાળુ, આપ નિશ્ચિંત થઈને પોઢાડો.'' ''પરંતુ અમારાથી અપરાધ થાય છે તેનું શું ?'' ''દયાળુ, આપની પરભાવીતા અને અલૌકિકતા અનોખી છે. પરંતુ અમારી પ્રાર્થના છે કે સંતો સામે ચરણ આવે

જે પોતાને ક્યારેય ગુરુ ન માને એ જ શ્રેષ્ઠ અને ખરેખર ગુરુ છે.

એમાં કોઈ વાંધો નથી. માટે દયાળુ ! આપ પોઢાડો.'' ''જો અમને સંત દેખાતા હોત તો તો ક્યાં કોઈ વાંધો જ હતો ? પરંતુ અમને તો મહારાજ સિવાય કાંઈ દેખાતું જ નથી. હવે આપ જ કહો અમે મહારાજ સામું ચરણ રાખી કેવી રીતે પોઢી શકીએ ?'' એમ કહી ગુરુજી જાતે જ ગાદલું ફેરવવા લાગ્યા ને જે બાજુ કોઈ સંતો-મુક્તોની પથારી નહોતી એ બાજુ ચરણ રાખી ગુરુજી પોઢ્યા.

મનોમન ગુરુજીની આ અલૌકિક રીતનાં દર્શન કરી સંતો-મુક્તો મુગ્ધ બની ગયા કે : 'ગુરુજી એટલે ગુરુજી ! આવું કોઈ આ લોકની વ્યક્તિ ના કરી શકે. ગુરુજી મહારાજની દિવ્યભાવે સેવા કરે, ચિંતા રાખે એ તો એમનો સેવકભાવ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્યભાવે સેવા કરે, ચિંતા રાખે એ પણ એમનો શિષ્યભાવ છે. પણ પોતાના શિષ્યોમાં પણ પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરતા થકા વર્તવું આ જ ગુરુજીનો પરભાવ છે.

ધન્ય છે ગુરુજીને ! અત્યાર સુધી સંપ્રદાયના ઈતિહાસમાં અનંત સત્પુરુષ આવ્યા છે ને આવશે પરંતુ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવું અદ્‌ભુત સ્વરૂપ ન ભૂતો ન ભવિષ્યતિ.'

•••

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું ત્રણ દિવસનું મુંબઈ ખાતે વિચરણ હતું. ગુરુજીની રીત મુજબ જ્યાં પણ ગુરુજી પધારે ત્યાં સંતો-ભક્તોને પોતાની સાથે લઈ જાય જેથી ગુરુજી બધાને પોતાના આદર્શો, સિદ્ધાંતો, વ્હાલ-પ્રેમ આપી નિકટ લઈ મહારાજની નિકટ પહોંચાડી દે. આ સમયગાળા દરમ્યાન વિદેશથી બે કિશોરમુક્તો ગુરુજીનો લાભ લેવા માટે આવ્યા હતા એટલે મુંબઈ વિચરણમાં ગુરુજી એમને પોતાની સાથે લઈ ગયા.

તા. ૧૯-૩-૨૦૨૨ના રોજ રાત્રે ગુરુજી વિચરણ માટે રેલવેના માધ્યમથી પધાર્યા. જે કંપાર્ટમેન્ટમાં ગુરુજી હતા એ જ કંપાર્ટમેન્ટમાં આ બંને કિશોરમુક્તોને ગુરુજીએ પોતાની જોડે રાખ્યા જેથી રાત્રે સત્સંગ કરાવી બળ આપી શકાય. ટ્રેનમાં બિરાજી ગુરુજીએ શરૂઆતમાં થોડી વાર લાભ આપી બધાને સુખિયા કર્યા. ત્યારબાદ ૧૧:૩૦ વાગી ગયા હતા એટલે બધાને પોઢવા માટે કહ્યું. ગુરુજીનાં દર્શન કરી બધા પોતાના સ્થાને પોઢ્યા. પરંતુ રેલવેના કંપાર્ટમેન્ટમાં એ.સી.ના લીધે ઠંડી લાગતી હતી.

શરૂઆતમાં કિશોરમુક્તોને કોઈ તકલીફ નહોતી કેમ કે એમને ઠંડીમાં રહેવાનું અંગ હતું. પરંતુ જેમ જેમ રાત પડી એમ ઠંડી વધુ લાગતી ગઈ. રાત્રે ગુરુજીની સામેના ભાગમાં જે કિશોરમુક્ત પોઢ્યા હતા એ ઠંડીથી ધ્રૂજતા હતા ને ટૂંટિયું વાળીને પોઢ્યા હતા. અચાનક ગુરુજી રાત્રે એક વાગ્યે જાગ્યા ને આ કિશોર પર નજર પડી. માતૃહૃદયી ગુરુજીએ તરત પોતે ઓઢેલો બ્લૅન્કેટ કિશોરને ઓઢાડી દીધો. કિશોરમુક્ત જાગી ગયા અને તેમણે ગુરુજીને પ્રાર્થના કરી કે, ''મહારાજ ! આપ રાખો. સેવકને જરૂર નથી. મારા કરતાં આપને વધુ જરૂર છે. એમાંય આપ વધુ ઠંડીમાં રહેશો તો આપને વધુ તકલીફ પડશે, માટે રાખો.''

પરહિતકારી ગુરુજી કેવી રીતે પ્રાર્થના સ્વીકારે ? ગુરુજી કિશોરને સમજી ગયા હતા કે જો અત્યારે સરખી ઊંઘ નહિ મળે તો સવારે સરખી રીતે લાભ નહિ લઈ શકે. ક્યાંક વધુ ઠંડીથી બીમાર પણ પડી શકે છે. માટે ગુરુજીએ આગ્રહ કરી પોતાનો બ્લૅન્કેટ કિશોરમુક્તને આપીને પોઢાડ્યા. કંપાર્ટમેન્ટમાં ઠંડીનું પ્રમાણ વધુ હતું છતાં ગુરુજીએ જોડેવાળા કોઈ સંતોને ન જગાડ્યા ને આખી રાત ઠંડી સહન કરી પોઢી રહ્યા. સવારે ગુરુજીના ચરણોમાં ઠંડીના લીધે સોજો ચડી ગયો હતો તોપણ આગળ વિચરણ હતું તે ન ટૂંકાવ્યું કે ન ક્યાંય આરામ કર્યો ને ત્રણ દિવસ સુધી ખૂબ જ વ્યસ્ત શિડ્યૂલમાં રહી સંતો-હરિભક્તોને સુખિયા કર્યા.

ત્રણ દિવસ ગુરુજીની સાથે રહી કિશોરમુક્તોએ વિચરણનો લાભ લીધો ને આવી તકલીફ ગુરુજી જૈફ વયે વેઠીને પણ અનંતને સુખિયા કરે છે – આવો અનુભવ કરી ગુરુજીને વંદી રહ્યા કે, 'ખરેખર આવું કોઈ આ લોકની વ્યક્તિ ન કરી શકે, દેહધારીનું આ કામ નથી. મારા મહારાજ આ દિવ્યપુરુષ દ્વારે વિચરે છે ને અનંતને સુખ આપે છે.'

•••



દૃષ્ટિમાં આવનારને પણ અનાદિમુક્ત કરવાનું સામર્થ્ય ધરાવનાર સ્વરૂપ એટલે ગુરુજી.

તા. ૨૭-૭-૨૦૨૨ના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ૩૬ દિવસ માટે યુ.એસ.એ., કેનેડા, યુ.કે. વિચરણ અર્થે પધાર્યા હતા. સૌપ્રથમ મુંબઈ એરપોર્ટથી ગુરુજી યુ.કે. પધાર્યા ને ત્યાંથી બોસ્ટન પધારવાના હતા. બોસ્ટન ફ્લાઈટ લૅન્ડ થયા બાદ ગુરુજી અને જોડે રહેલા સેવક સંત બહાર પધાર્યા. વોક વે પૂર્ણ કરી બાજુના કોર્નરમાં ગુરુજી ઊભા હતા એટલે સેવક સંતે ગુરુજીને બેસવા માટે સિક્યૉરિટી જોડેથી ખુરશીની વ્યવસ્થા કરાવીને ગુરુજીને ખુરશી પર બેસાડ્યા.

થોડી વાર બાદ જ્યાં ગુરુજી બિરાજ્યા હતા ત્યાં યુ.કે.ના ૭૫ વર્ષીય વડીલ આવીને ઊભા રહ્યા ને કોઈની રાહ જોતા હતા. ગુરુજીએ એમને ઊભા રહેલા જોયા એટલે ખુરશી પરથી ઊભા થઈ સેવક સંતને કહ્યું, "સામે ઊભેલા વડીલ મારા કરતાં ઉંમરમાં મોટા છે માટે આ ખુરશીની મારા કરતાં એમને વધુ જરૂર છે. માટે આ ખુરશી એમને આપી આવો." ગુરુજીના શબ્દો સાંભળી સેવક સંતો બે ઘડી તો સ્તબ્ધ થઈ ગયા કે, 'આહાહા... જેમની આગળ હજારો ને લાખો માણસો હાથ જોડીને ઊભા રહે છે, જેમનાં દર્શન, સેવા અને સમાગમ માટે અનંત મુમુક્ષુઓ તલસે છે, જેમના એક વચને અનંત તન, મન, ધનની કુરબાની આપવા તત્પર છે... આ બધું તો ઠીક પરંતુ જે પુરુષ પરભાવની સર્વોચ્ચ ઊંચાઈ પર બિરાજે છે તોપણ એક સામાન્ય વ્યક્તિની આટલી બધી ચિંતા ! ક્યાં જીવ ને ક્યાં સ્વયં પુરુષોત્તમરૂપ આ દિવ્યપુરુષ ! અને એમાંય વળી, પોતાને ૨૪ કલાકથી ઉપવાસ છે, ઈન્ડિયાથી નીકળ્યા ત્યારનું અન્નનો એક દાણો કે જળનું એક ટીપું પણ મુખમાં નથી મૂક્યું. છતાં પોતાનો કોઈ વિચાર જ નહીં ? કાયમ અન્યનો જ વિચાર ! અન્યની જ ચિંતા... આહાહા ! કેવી પરોપકારની પરાકાષ્ઠા !

પોતાના ઈષ્ટદેવની ચિંતા, પોતાના ગુરુની ચિંતા, પોતાના શિષ્યોની ચિંતા તો કદાચિત્ કોઈ કરી શકે પરંતુ એક સામાન્ય વ્યક્તિને પણ પોતાથી અધિક મહત્તા આપવાની સામર્થી હોવી એ દેહધારીનું કામ નથી. એ તો જેમને મારું નથી, તારું નથી, વ્હાલું નથી, દવલું નથી; જેમની દૃષ્ટિમાં અવરભાવનો લેશ નથી. જેમને સર્વત્ર એક પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસતું નથી એવા અનાદિમુક્ત-સત્પુરુષ જ આવો દાસત્વભાવ દાખવી શકે.'


સેવક સંત કંઈ કરે એ પહેલાં તો ગુરુજી જ ખુરશી લઈ વડીલ પાસે પહોંચી ગયા. પરંતુ એમના સંબંધીજનો આવી ગયા હોવાથી વડીલે ખુરશી તો ન લીધી પરંતુ ગુરુજીની અદ્ભુત અવરભાવના વિવેકની રીત અને દાસત્વની પરાકાષ્ઠા જોઈ તેઓ ગુરુજીના ચરણોમાં ઢળી પડ્યા.

## સંત કૅમ્પ - ૨૦૨૨



સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ. દર વર્ષે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંત કૅમ્પનું આયોજન કરવામાં આવતું હોય છે.

જેમાં પૂ. સંતોના આધ્યાત્મિક તથા વ્યવહારિક ઘડતર માટે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની નિશ્રામાં વર્ષમાં બેથી ત્રણ વખત સંત કૅમ્પનું આયોજન કરવામાં આવતું હોય છે. ગત તા. ૨૯-૯-૨૦૨૨થી તા. ૩૦-૯-૨૦૨૨ દરમ્યાન સંત કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પ દરમ્યાન વ્હાલા ગુરુજીએ મૂર્તિ સાથે આપોપું કરવાની રીત તથા સત્સંગ શુદ્ધિ અને વૃદ્ધિની રીત ઉપર લાભ આપી સંતોને અધ્યાત્મ તથા વ્યવહાર માર્ગે ખૂબ ભર્યા કર્યા હતા. કૅમ્પના આગળના બે દિવસોમાં એટલે કે તા. ૨૭-૯-૨૦૨૨ અને તા. ૨૮-૯-૨૦૨૨ દરમ્યાન સિલેક્ટેડ પૂ. સંતોને વ્હાલા ગુરુજી સાથે હળવાશની પળો માણવાનો પણ અદ્ભુત લાભ મળ્યો હતો.



# તૃષ્ણાનું નાભિછેદન

માનવીના મનનું વજન હોતું નથી પણ એની માંહી ધરબાયેલી તૃષ્ણા અમાપ હોય છે. જગત આખું આજે પંચવિષયની તૃષ્ણાના તારથી વીંટળાયેલું છે. લોકૈષણા, વિત્તૈષણા અને પુત્રૈષણા આ ત્રણ એષણાઓ વ્યક્તિને જીવનભર દોડતી રાખે છે છતાં સાચા સુખનો અનુભવ થવા દેતી નથી.

આપણી આસપાસ રહેનારી વ્યક્તિની માનસિકતાનો આપણા જીવન અને વર્તન ઉપર ભારે પ્રભાવ પડે છે. તે માટે રશિયાની એક લોકકથા છે :

એક રાજાને વારંવાર સ્વપ્ન આવે. પરંતુ એકેય સ્વપ્ન યાદ ન રહે. એવામાં એક દિવસ ગાઢ નિદ્રામાં સૂતેલા રાજાને આવેલું સ્વપ્નું બરાબર યાદ રહી ગયું. સ્વપ્નમાં તેમણે શિયાળને જોયું. પહેલી વાર તો કશું ન થયું. પરંતુ વારંવાર આ સ્વપ્નું આવતાં તેમણે ગામમાં ઢંઢેરો પિટાવ્યો કે, 'જે મારા સ્વપ્નનો શું અર્થ છે? તે જણાવશે તેમને ઇનામ આપીશ.'

ઈવાન નામનો એક યુવક ઇનામ મેળવવાની લાલચે તેના અર્થનો વિચાર કરતો કરતો એક ઝાડ નીચે ચિંતાગ્રસ્ત અને ચિંતન અવસ્થામાં બેઠો હતો. થોડી વારમાં ઝાડની ડાળી ઉપર એક દૈવી પક્ષી આવ્યું. તેણે પૂછ્યું, "ભાઈ, શું વિચારમાં ચડ્યા છો ? કાંઈ ચિંતામાં છો કે શું ?" ઈવાને પક્ષીને રાજાનાં સ્વપ્ન અને તે માટેના ઇનામની વાત કરી. પક્ષીએ કહ્યું, "હું તને સ્વપ્નનો અર્થ જણાવું પણ અર્ધો ભાગ મને આપવાનો." ઈવાને શરત મંજૂર રાખી.

પક્ષીએ કહ્યું, "તારા રાજાના સ્વપ્નનો અર્થ એવો થાય કે શિયાળ જેવા લુચ્ચા માણસો તારા રાજા ઉપર નજર માંડીને બેઠા છે. તેઓ લુચ્ચાઈથી રાજા પાસેથી રાજ પડાવી લેશે. રાજાને રાજ્ય બહાર ધકેલી દેશે. માટે રાજાએ અત્યારથી સાવધાન થઈ જવું જોઈએ, એવા લુચ્ચાથી ચેતવું જોઈએ."

ઈવાને રાજદરબારમાં જઈ રાજાને સ્વપ્નનો અર્થ જણાવ્યો. રાજાએ તે અંગે ઊંડી તપાસ આદરી. તેમાં રાજ્યમાં જ રહેતા લુચ્ચા માણસો અને તેમનાં ષડયંત્રો પકડાયાં. રાજા બચી ગયા. તેમણે ઈવાનને બોલાવી ઇનામ આપ્યું. ઈવાન ઇનામ લઈ ઘરે જવા નીકળ્યો. તેને પક્ષી યાદ આવ્યું પણ થયું જવાબ તો મેં આપ્યો છે; એમાં એને કાંઈ ભાગ આપવાની જરૂર નથી. એમ વિચારી બીજા રસ્તેથી ઘરે પહોંચી ગયો.

થોડા દિવસ પછી રાજાને બીજું સ્વપ્નું આવ્યું. તેમાં માથા



જેને કંઈ પામવાની તૃષ્ણા નથી તેને છોડવાનું દુઃખ નથી.

પર ખુલ્લી તલવાર લટકતી હતી, જાણે હમણાં પડશે. રાજાએ ફરીથી ઈવાનને બોલાવી સ્વપ્નનો અર્થ પૂછ્યો અને કહ્યું, ‘‘આનો જવાબ આપીશ તો પહેલાં કરતાં પણ મોટું ઇનામ આપીશ.’’ તેણે કહ્યું, ‘‘રાજન્ ! બે દિવસમાં જવાબ આપીશ.’’

ઈવાન બીજા દિવસે ઝાડના થડ પાસે જઈને બેઠો. પક્ષીની રાહ જોતો હતો એટલામાં પક્ષી આવ્યું. એટલે ઈવાને પક્ષીને કહ્યું, ‘‘મારા રાજાના બીજા સ્વપ્નનો અર્થ કરો. આ વખતે જરૂરાજરૂર ઇનામમાં અડધો ભાગ આપીશ જ.’’ ઈવાને સ્વપ્નની વિગત જણાવી. પક્ષીએ કહ્યું, ‘‘તારા રાજાને જઈને કહે કે માથે લટકતી ખુલ્લી તલવારનો અર્થ એ થાય કે, તારા રાજાના માથે યુદ્ધ નગારાં વગાડે છે. જલદી સૈન્યને તૈયાર કરશે તો બચી જશે.’’ ઈવાને જઈ રાજાને સ્વપ્નનો અર્થ કહ્યો.

રાજાએ તાબડતોબ સૈન્ય તૈયાર કર્યું. બીજા જ દિવસે પાડોશી રાજા અચાનક સૈન્ય લઈ યુદ્ધ કરવા તૂટી પડ્યા પણ ઈવાનના રાજાની તૈયારી હોવાથી તે યુદ્ધ જીતી ગયા. રાજાએ પહેલાં કરતાં ડબલ મોટું ઇનામ આપ્યું. આ વખતે ઈવાને પક્ષીને અડધો ભાગ આપવાની બોલી કરી હોવા છતાં છરા વડે પક્ષીને જ મારી નાખવા પ્રયાસ કર્યો. પરંતુ ચપળ પક્ષી ઝડપથી ઊડી ગયું, બચી ગયું.

થોડા દિવસ પછી રાજાને ત્રીજું સ્વપ્નું આવ્યું. જેમાં એક પારેવડું દેખાયું. રાજાએ ફરી ઈવાનને બોલાવ્યો. સ્વપ્નની વિગત જણાવી તેનો અર્થ પૂછ્યો. ઈવાન મૂંઝાયો. કારણ, ગઈ વખતે પક્ષીને ઇનામ આપવાને બદલે મારી નાખવા પ્રયાસ કર્યો હતો. તેથી હવે પક્ષી કેવી રીતે વિશ્વાસ કરશે ? કેવી રીતે જવાબ લાવશે ? અને જો રાજાને જવાબ ન આપે તો રાજા સજા કરે અને પોતાની મેળે જવાબ આપી દે અને ખોટો પડે તો ? એટલે ભય પેઠો. છતાં હિંમત કરી ત્રીજી વાર પક્ષી પાસે ગયો. આજીજી-વિનંતી કરી રાજાના ત્રીજા સ્વપ્નની વાત કરી કે, ‘‘પારેવડું દેખાયું તેનો શું અર્થ થાય ?’’ પક્ષીએ કહ્યું, ‘‘હવે રાજ્યમાં સર્વત્ર શાંતિ, સુલેહ, સંપ, સહકાર, ઈમાનદારી અને વફાદારી જેવા ગુણો પ્રવર્તશે.’’ ઈવાને રાજાને જઈને વાત કરી. રાજાએ ત્રીજી વાર બહુ મોટું ઇનામ આપ્યું.

ઈવાન ઇનામ લઈ ઘરે ફરતાં પ્રથમ પક્ષી પાસે ગયો અને અડધો ભાગ નહિ, પૂરેપૂરો ભાગ પક્ષીને આપવા તૈયાર થયો. એટલું જ નહિ, આગળના ઇનામનો પણ અર્ધો ભાગ આપવા તૈયાર થયો. પક્ષીની માફી પણ માગી.

પક્ષીએ ઈવાનને કહ્યું, ‘‘ભાઈ, તેં જે કર્યું એમાં તારો કાંઈ વાંક નથી. તારી આસપાસના વાતાવરણમાં, આસપાસના લોકોના માનસમાં જે માનસિકતા પ્રવર્તતી હતી એવા તને વિચારો આવતા હતા અને એ પ્રમાણેનું તું વર્તન કરતો હતો.

રાજ્યમાં જ્યારે લુચ્ચા માણસો હતા. તને તેમનો સંગ હતો તો તેં લુચ્ચાઈ કરી. બીજા સ્વપ્ન વખતે રાજ્યમાં યુદ્ધ, હિંસાખોરી, મારામારી થતી હતી એટલે તેં મને મારી નાખવા હુમલો કર્યો અને ત્રીજા સ્વપ્ન વખતે ચોમેર શાંતિ-સુમેળ હતો તો તને પ્રામાણિકતાભર્યો વ્યવહાર કરવાના વિચાર આવ્યા. એટલે કે જેવો સંગ અને ચોતરફનું વાતાવરણ હોય એવા જ વિચારો આવે છે.’’

આપણને તૃષ્ણાતુર બનેલા જગતના દેહધારી જીવોના સંગમાં રહેવાનું ગમે છે, તેમની વાતો સાંભળવાનું અને તેમનું અનુકરણ કરવાનું ગમે છે. આપણા મનના વિચારોમાં એમની જ માનસિકતાનો પ્રવાહ રમતો હોય છે તેથી તૃષ્ણાનું નાભિછેદન કરી શકતા નથી. પરંતુ તૃષ્ણાથી પર થવા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંગ નિરંતર રાખીએ. તેમની દિવ્યવાણી કે કૃપાવચનોનું મંથન કરીએ. જગતથી પાછા વળેલા એવા પૂ. સંતો-હરિભક્તોનો સંગ વધારીએ. અઠવાડિક સત્સંગ સભામાં વિશેષ જવાય એટલી આપણી જગતની કોરની તૃષ્ણાઓ તૃપ્ત થતી જાય અને ભગવાન તરફની ઇચ્છાઓ વધતી જાય. અંતરમાં દિવ્ય શાંતિનો અહેસાસ થાય.

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. શનાભાઈ અમરાભાઈ કોળી, ઉંમર વર્ષ-૭૫, નાની ખજૂરી (ગોધરા); તા. ૧૬-૮-૨૨ :** ઈસનપુર મંદિરના બાંધકામમાં સેન્ટિંગનું કામ કરતાં કરતાં તેઓ સત્સંગના રંગે રંગાયા હતા. ૩૫ વર્ષથી સત્સંગમાં નિયમિત બળ પામી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેમના બંને દીકરાઓ ગિરીશભાઈ તથા બળવંતભાઈને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ.નિ. બચુભાઈ પોપટભાઈ રામાણી, ઉંમર વર્ષ-૭૧, રાજકોટ; તા. ૨૦-૮-૨૨ :** રાજકોટ સેન્ટરના ઘરધણી મુક્ત એવા બચુભાઈ રામાણી મંદિરમાં પૂજારી તરીકે તેમજ એરિયા કાર્યકર તરીકેની સેવા બજાવી રાજીપાના પાત્ર બન્યા હતા.

**મૂ.નિ. જમનાદાસ બાઉભાઈ કવા, ઉંમર વર્ષ-૬૫, ઉના; તા. ૨૨-૮-૨૨**

**મૂ.નિ. મૌલિક રાજેશભાઈ પટેલ, ઉંમર વર્ષ-૨૨, વડોદરા; તા. ૬-૯-૨૨ :** વડોદરા સેન્ટરના ઘરધણી મુક્ત તેમજ વાઘોડિયા સંયુક્ત મંડળના સંચાલક એવા રાજેશભાઈ પટેલના દીકરા મૌલિકભાઈ પટેલ મૂર્તિના સુખે સુખિયા થયા છે. વડોદરા મંદિરે પૂ. સંતો સાથે રહી અનેક સેવાઓમાં મદદરૂપ થઈ રાજીપાના પાત્ર બન્યા હતા. આકસ્મિક કારણોસર ધામમાં ગયા હોવાથી મહાપ્રભુને ખૂબ પ્રાર્થના કે તેઓના સમગ્ર પરિવારને સત્સંગનું ખૂબ બળ આપે.

**મૂ.નિ. હરિભાઈ નારણભાઈ રામાણી, ઉંમર વર્ષ-૬૬, ઘન.નગર; તા. ૯-૯-૨૨ :** ઘનશ્યામનગર સેન્ટરના ઘરધણી મુક્ત એવા હરિભાઈ નારણભાઈ રામાણી મૂર્તિના સુખે સુખિયા થયા છે. સંસ્થાના ટ્રસ્ટી એવા પરષોત્તમભાઈ રામાણીના તેઓ નાના ભાઈ થાય. તેમના સમગ્ર પરિવારે સંસ્થાની શરૂઆતથી જ ઘનશ્યામનગર ખાતે પાયાની ઈંટ બની તન, મન, ધનથી સેવા કરી ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે.



**મૂ.નિ. કનુભાઈ જેરામભાઈ વેકરિયા, ઉંમર વર્ષ-૮૦, ઘનશ્યામનગર; તા. ૯-૧૦-૨૨ :** ઘનશ્યામનગરના ઘરધણી હરિભક્ત કનુભાઈ વેકરિયા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીના રાજીપાપાત્ર હરિભક્ત હતા. ગુરુદેવની આજ્ઞાથી તેઓએ ઘનશ્યામનગર મંદિરે તથા અમેરિકામાં ન્યૂજર્સી મંદિરે ઘણાં વર્ષો સુધી સેવા આપી હતી. તેઓના જીવનમાં મહાપ્રભુની અનન્ય નિષ્ઠાની દૃઢતા હતી તથા મોટાપુરુષ સાથે આગવું હેત પણ હતું. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અગાઉથી કોલ આપીને તેમને મૂર્તિસુખે સુખિયા કર્યા છે.



**મૂ.નિ. જીતેશભાઈ કાંતિલાલ શાહ, ઉંમર વર્ષ-૪૫, સુરત (ડભોલી); તા. ૧૧-૧૦-૨૨ :** ગુરુદેવ પ.પૂ. બાપજી જ્યારે પાસોદરા પાટિયા ખાતે કથાવાર્તાનો લાભ આપવા પધારતા ત્યારથી તેઓ સત્સંગના રંગે રંગાયા હતા. સંસ્થા અને સત્સંગ પ્રત્યે તેઓને અનેરો મમત્વભાવ હતો. તેઓનું ઉત્સાહી અંગ હતું. તેઓ સેવા માટે હંમેશાં તત્પર રહેતા. એટલું જ નહિ, સૌને મહિમાસભર કરી સેવામાં જોડતા. ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી તેઓ ડભોલી મંદિરે મુખ્ય અકાઉન્ટન્ટ તરીકેની સેવા આપી રહ્યા હતા. સેવાની સાથે તેઓનું અધ્યાત્મ જીવન પણ ખૂબ સમૃદ્ધ હતું. તેઓએ પ્રિ-મુમુક્ષુ તરીકે આદર્શ પ્રૉજેક્ટમાં જોડાઈને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેમના દીકરા વેદાંતને તથા સમગ્ર પરિવારને ખૂબ ખૂબ સમજણનું તથા સત્સંગનું બળ આપે.



**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



આજ્ઞાનો લોપ એટલો પ્રભુનો કોપ.

## ડિપાર્ટમેન્ટ ઓફ કાર્ડિયોલોજી



વર્ષાબેન મહેતા (દર્દીનાં પત્ની)

મારું નામ વર્ષાબેન મહેતા છે. મારા પતિ શ્રી બિપીનભાઈ મહેતા છે. અમે સરગાસણમાં (ગાંધીનગરમાં) રહીએ છીએ. મારા પતિને છાતીમાં ખૂબ જ દુખાવો થતાં અમે **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ઓ.પી.ડી.માં ડૉ. સંજીવ ભાટિયા સાહેબને બતાવવા આવ્યા. ત્યારપછી ડૉક્ટર સાહેબે અમને ઍન્જીયોગ્રાફી કરવા માટે સલાહ આપી તો અમે તરત જ અહીં ઍન્જીયોગ્રાફી કરાવી. આ હૉસ્પિટલમાં ઍન્જીયોગ્રાફીનું પૅકેજ અન્ય હૉસ્પિટલ કરતાં ખૂબ જ સસ્તું છે. અહીં હૉસ્પિટલમાં સાફ-સફાઈ, જમવાની સગવડ ખૂબ જ સરસ છે. તેમજ અહીંના ડૉક્ટર, મેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, અટેન્ડન્ટ સ્ટાફની સેવા ખૂબ જ સારી છે. અહીંનો સ્ટાફ અમારી ઘરના સભ્ય હોય તેમ જ સેવા કરતો હતો. અમે દરેકને ઇમર્જન્સી સારવાર માટે આ હૉસ્પિટલ રેકમેન્ડ કરીએ છીએ.



ગુલાબરાવ લાલવાણી

મારું નામ ગુલાબરાવ લાલવાણી છે. હું રાજસ્થાનનો છું અને ગાંધીનગર ખાતે રહું છું. છાતીમાં અચાનક દુખાવો થતાં તાત્કાલિક અમે **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં આવ્યા. ત્યાં અમે ડૉ. સંજીવ ભાટિયા સાહેબને બતાવ્યું. ત્યારપછી અમુક રિપોર્ટ કરાવ્યા બાદ ડૉક્ટર દ્વારા મને ઍન્જીયોગ્રાફી કરવા માટે સલાહ આપી તો અમે તરત જ અહીં ઍન્જીયોગ્રાફી કરાવી. ઍન્જીયોગ્રાફી કરાવ્યા બાદ નળીમાં બ્લૉકેજ માલૂમ પડતાં નળીમાં સ્ટેન્ટ મૂકીને ઍન્જીયોપ્લાસ્ટી પણ કરવામાં આવી. અહીં ઍન્જીયોગ્રાફી અને ઍન્જીયોપ્લાસ્ટીનો દર અન્ય હૉસ્પિટલ કરતાં ખૂબ જ ઓછો છે. ત્યારબાદ મને આઈ.સી.યુ.માં દાખલ રાખવામાં આવ્યો. મને બે દિવસ આઈ.સી.યુ.માં રાખ્યા બાદ રિપોર્ટ કરાવ્યા અને બધા જ રિપોર્ટ નોર્મલ આવ્યા અને મને અહીંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો.

અને તેથી જ આજે ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપેલ આશીર્વાદ સાર્થક થયા કે, "જે વ્યક્તિ રડતાં રડતાં આવશે તે હસતાં હસતાં જશે."


## આકર્ષક પ્રમોશનલ કાર્ડિયાક પૅકેજિસ



ઍન્જીયોગ્રાફી ~~7999/-~~ 3999/-*

ઍન્જીયોપ્લાસ્ટી ~~79999/-~~ 49999/-*

(સ્ટેન્ટ અલગથી)

મુખ્યમંત્રી મા-અમૃતમ્ અને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત
વિના મૂલ્યે ઉપલબ્ધ સારવાર
ડાયાલિસિસ, જોઇન્ટ રિપ્લેસમેન્ટ, પથરીનું ઑપરેશન, મૂત્રમાર્ગનાં ઑપરેશન
---હૃદયને લગતી તમામ સારવાર---

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

**SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ, **SMVS** સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - ૩૮૨૦૦૭.
વધુ માહિતી માટે કૉલ કરો : ૬૩૫૯૭૭૦૭૩૨ info@smvshospital.com

### કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



**તા. ૧૬-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ગોતા** ખાતે હરિકૃષ્ણ મહારાજ સંગે પધારી ૧૫ પધરામણીનો લાભ આપી હરિભક્તોને કૃતાર્થ કર્યા હતા. આજરોજ સંધ્યા સેશન દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **ઘાટલોડિયા** ખાતે ૯ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોને ધન્ય બનાવ્યા હતા. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ગોતા** ખાતે ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિમાં ‘રાજીપાની રીત’ વિષય પર દિવ્યવાણીનો લાભ આપી ૧૫૮૫થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૧૭-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સૌરાષ્ટ્ર** વિચરણ દરમ્યાન **ગઢડા** ખાતે ૩ પધરામણી, ૧ મહાપૂજા, ૧ રસોઈ અને સભાનો લાભ આપી સર્વે મુક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આ પ્રસંગે ૨૭૫ કરતાં પણ વધુ હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **બોટાદ** ખાતે સંધ્યા સેશન દરમ્યાન વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ૪ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમી હરિભક્તોને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **બોટાદ** ખાતે ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિમાં ‘રાજીપાની રીત’ વિષય પર લાભ આપી ૧૩૫૦થી પણ વધુ હરિભક્તોને રાજીપાના માર્ગે આગળ વધવા બળ આપ્યું હતું.

**તા. ૧૮-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ભાવનગર** ખાતે પ્રાતઃ સેશનમાં ૪ પધરામણી તથા અંગત સભામાં ‘મોટાપુરુષને વિષે પોતાપણાની બુદ્ધિ’ વિષય પર કથાવાર્તાનો લાભ આપી ૪૪૦થી પણ વધુ મુક્તોને સુખિયા

કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સેશનમાં **ભાવનગર** ખાતે રાજીપાદર્શન કાર્યક્રમમાં તેમજ અંગત સભામાં 'નિયમ-ધર્મની દઢતા' ઉપર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ઘણા મુમુક્ષુઓને સત્સંગના માર્ગે આગળ વધાર્યા હતા.

**તા. ૨૨-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે પ્રાતઃ સભામાં 'મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ' વિષય ઉપર કથાવાર્તાનો લાભ આપી ૬૮૫ કરતાં પણ વધુ હરિભક્તોને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે હરિકૃષ્ણ મહારાજ સંગે હરિભક્તોના ગૃહે સામે ચાલી ૧૮ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી સર્વે મુમુક્ષુઓના કોડ પૂરા કર્યા હતા.આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે સંધ્યા સેશનમાં ૭ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી સર્વે હરિભક્તોને કૃતાર્થ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **નિકોલ** ખાતે ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિ દરમ્યાન 'રાજીપાની રીત' વિષય પર દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૪-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **વડોદરા** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિર દરમ્યાન 'મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરીએ' વિષય પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૫૪૫થી પણ વધુ મુક્તોને સત્સંગનું ભાથું બાંધી આપ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **વડોદરા** ખાતે પ્રાતઃ સેશનમાં હરિભક્તોના ગૃહે ૬ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી સર્વે મુક્તોને કૃતાર્થ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **વડોદરા** ખાતે ૪ પધરામણીનો લાભ આપી રાત્રિ સેશનમાં ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિમાં 'રાજીપાની રીત' વિષય પર દિવ્યવાણીનો લાભ આપી ૨૬૫૦થી પણ વધુ મુક્તોને ધન્ય કર્યા હતા.

**તા. ૨૫-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિરમાં 'મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ' વિષય પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૭૭૫થી પણ વધુ મુક્તોને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે સંધ્યા સેશનમાં ૪ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપીને **ઈડર** ખાતે રાત્રિ સમયે જાહેર સભામાં દિવ્યવાણીનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે ૧૭૦૦થી પણ વધુ હરિભક્તો વ્હાલા ગુરુજીનાં નિકટ દર્શન તથા આશીર્વાદનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

**તા. ૯-૧૦-૨૨**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **વાસણા** ખાતે પૂનમના સમૈયામાં 'થવું છે દાદાખાચર જેવા' વિષય પર ૨૫૦૦થી પણ વધુ પ્રત્યક્ષ તથા વર્ચ્યુઅલી ઉપસ્થિત હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૦-૧૦-૨૨**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ઇસનપુર** ખાતે અંગત સભામાં 'મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ' વિષય પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૩૭૫થી પણ વધુ હરિભક્તોને આત્મબુદ્ધિની દુનિયામાં ગરકાવ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર** ખાતે ૮ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમી હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા.


## નૂતન પ્રકાશન

**શ્રીહરિના રાજીપાના માર્ગે દોડાવતી નૂતન આવૃત્તિ**

# હરિને ગમે એવા થવું જ છે (ભાગ-૨)




**પુસ્તિકાની વિશેષતા :**

- ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય કૃપાવચનોનું સંકલન
- કૃપાવચનોનું વિષય પ્રમાણેનું વર્ગીકરણ
- હરિને ગમે એવું ઘર કરવાના સોનેરી ઉપાયો

**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞા :**
દરેક સત્સંગી બંધુઓએ વ્યક્તિગત પૂજામાં
જૂની આવૃત્તિ બદલી નૂતન આવૃત્તિ અવશ્ય વસાવવી.

**પ્રાપ્તિસ્થાન :** એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ પર ઉપલબ્ધ.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પથી **SMVS** સમાજમાં કારણ સત્સંગનાં મૂલ્યો તથા ઉપાસનાલક્ષી પાયાનું જ્ઞાન અને સંસ્કારની દૃઢતા માટે પ્રતિવર્ષ સત્સંગ પરીક્ષા યોજાય છે. દેશ-વિદેશના અનેક કેન્દ્રોમાં લેવામાં આવતી આ પરીક્ષામાં હજારો આબાલવૃદ્ધો લાભ લે છે. આ વર્ષે મહિમા વર્ષ ઉપક્રમે યુવા સત્સંગ પરીક્ષા અને બાળ સત્સંગ પરીક્ષા યોજાઈ હતી. દેશ-વિદેશના ૧૦૦ જેટલા પરીક્ષા કેન્દ્રોમાં સત્સંગ પરીક્ષા સંપન્ન થઈ. જેમાં કુલ ૧૧,૭૩૫ ઉમેદવારો નોંધાયા હતા. જેનું પરિણામ દરેક સેન્ટરોમાં જાહેર કરવામાં આવેલ છે. યુવક વિભાગમાં સંસ્થા લેવલે પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર મુક્તોની યાદી અત્રે પ્રસ્તુત છે.

ચાલુ વર્ષે બાળ તથા બાલિકા સભ્યોની બાળ સત્સંગ પરીક્ષા બાળસભામાં લેવામાં આવી હતી. જેમાં કુલ ૩૦૦ બાળ મંડળના ૩,૨૩૬થી પણ વધુ બાળ-બાલિકામુક્તોએ પરીક્ષા આપી હતી. જેમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલ બાળ-બાલિકામુક્તોનું પરિણામ જે તે સેન્ટર લેવલે આપવામાં આવ્યું હતું.

### યુવા સત્સંગ પરીક્ષા (ગુજરાતી) કુલ ગુણ : ૧૦૦

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | જિગીષાબેન આર. યાદવ | સેટેલાઇટ | ૯૯ |
| દ્વિતીય | જયંતિભાઈ એસ. પટેલ | કડી | ૯૬ |
| દ્વિતીય | શેફાલીબેન એ. જૈન | બરોડા | ૯૬ |
| તૃતીય | હિમાંશુભાઈ આઈ. પટેલ | સ્વા.ધામ | ૯૫ |
| ચતુર્થ | જિજ્ઞાસાબેન એન. પટેલ | ઘાટલોડિયા | ૯૪ |
| પંચમ | ભરતકુમાર વી. પ્રજાપતિ | ઘન.નગર | ૯૩ |

### વિદેશ સત્સંગ પરીક્ષા

### યુવા સત્સંગ પરીક્ષા (ગુજરાતી) કુલ ગુણ : ૭૫

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | ચિંતનભાઈ ડી. પંડ્યા | યુ.એસ.એ. | ૬૮ |
| પ્રથમ | હર્ષલબેન આર. પટેલ | યુ.કે. | ૬૮ |
| દ્વિતીય | ક્રિપાબેન એમ. પટેલ | યુ.કે. | ૬૭ |
| દ્વિતીય | ઋષાંગભાઈ એસ. પટેલ | યુ.કે. | ૬૭ |
| તૃતીય | સોનિકા સી. ઠાકોર | કેનેડા | ૬૬ |
| ચતુર્થ | મહેશભાઈ બી. પંચાલ | યુ.એસ.એ. | ૬૫ |
| ચતુર્થ | રસિકભાઈ ટી. પટેલ | કેનેડા | ૬૫ |
| ચતુર્થ | શિલ્પાબેન જે. પટેલ | કેનેડા | ૬૫ |
| ચતુર્થ | વિનોદભાઈ એ. પટેલ | કેનેડા | ૬૫ |
| પંચમ | ચેરીબેન કે. ઠક્કર | યુ.કે. | ૬૪ |
| પંચમ | ઘનશ્યામભાઈ એમ. પટેલ | કેનેડા | ૬૪ |
| પંચમ | હાર્દિકાબેન સી. પંડ્યા | યુ.એસ.એ. | ૬૪ |
| પંચમ | મિતાબેન બી. અમીન | યુ.એસ.એ. | ૬૪ |

### બાળ સત્સંગ પરીક્ષા

### ગ્રૂપ-૧ (કુલ ગુણ : ૫૦)

### (ચૌદ વર્ષથી નીચેના મુક્તો) English Exam

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | અનેરી આર. ભાવસાર | ન્યૂઝીલેન્ડ | ૫૦ |
| પ્રથમ | હેતુ આર. પટેલ | યુ.કે. | ૫૦ |
| પ્રથમ | નિર્ભય કે. પટેલ | યુ.કે. | ૫૦ |
| પ્રથમ | નિષ્ઠા એચ. પટેલ | યુ.એસ.એ. | ૫૦ |
| પ્રથમ | સંકલ્પ એમ. પટેલ | કેનેડા | ૫૦ |
| દ્વિતીય | ખુશી જે. વડોદરિયા | યુ.કે. | ૪૯ |
| દ્વિતીય | નેત્રા એમ. પટેલ | યુ.કે. | ૪૯ |
| દ્વિતીય | સામર્થી એ. પટેલ | યુ.કે. | ૪૯ |
| દ્વિતીય | યાત્રા સી. પટેલ | ઑસ્ટ્રેલિયા | ૪૯ |
| તૃતીય | આરવ સી. ઠાકોર | કેનેડા | ૪૮ |
| તૃતીય | આર્ના સી. ઠાકોર | કેનેડા | ૪૮ |
| તૃતીય | આર્યા આર. શુક્લ | ઑસ્ટ્રેલિયા | ૪૮ |
| તૃતીય | હર્ષવી એચ. પટેલ | યુ.એસ.એ. | ૪૮ |
| તૃતીય | ક્રિષા એમ. ઠક્કર | કેનેડા | ૪૮ |
| ચતુર્થ | અંશ બી. રાવલ | યુ.એસ.એ. | ૪૭ |
| ચતુર્થ | ખુશી જી. પટેલ | કેનેડા | ૪૭ |
| પંચમ | એંજલ એસ. પટેલ | કેનેડા | ૪૬ |
| પંચમ | ધ્યેય બી. પટેલ | કેનેડા | ૪૬ |
| પંચમ | હરિ એ. શાહ | યુ.એસ.એ. | ૪૬ |
| પંચમ | હરિવદન એમ. પટેલ | કેનેડા | ૪૬ |

| | | | |
|---|---|---|---|
| પંચમ | સાચી વી. ભાવસાર | યુગાન્ડા | ૪૬ |
| પંચમ | વ્રજ બી. ઠક્કર | કેનેડા | ૪૬ |

**ગ્રૂપ-૨ (કુલ ગુણ : ૫૦)**

**(ચૌદ વર્ષથી ઉપરના મુક્તો) English Exam**

| ક્રમાંક | નામ | સેન્ટર | ગુણ |
|---|---|---|---|
| પ્રથમ | ખ્વાહિશ એસ. પટેલ | કેનેડા | ૪૯ |
| દ્વિતીય | અર્ની પી. કાચા | કેનેડા | ૪૮ |
| દ્વિતીય | ઋષિ આર. પટેલ | કેનેડા | ૪૮ |
| દ્વિતીય | સ્પર્શ કે. પટેલ | યુ.કે. | ૪૮ |
| દ્વિતીય | યશ ટી. પટેલ | કેનેડા | ૪૮ |
| દ્વિતીય | યાશ્મીની આઈ. પટેલ | યુ.એસ.એ. | ૪૮ |
| દ્વિતીય | યથાર્થ એમ. ઠક્કર | કેનેડા | ૪૮ |
| તૃતીય | આર્યા જે. પટેલ | કેનેડા | ૪૭ |
| તૃતીય | દિશીતા આર. પટેલ | કેનેડા | ૪૭ |
| તૃતીય | નીલ એસ. પટેલ | યુ.એસ.એ. | ૪૭ |
| તૃતીય | સમીરકુમાર એન. પટેલ | યુ.એસ.એ. | ૪૭ |
| ચતુર્થ | ક્રિષા આર. પટેલ | કેનેડા | ૪૬ |
| ચતુર્થ | સમર્થ વી. પટેલ | કેનેડા | ૪૬ |
| પંચમ | જૈમિન એમ. પટેલ | કેનડા | ૪૫ |
| પંચમ | પાર્થ પી. પટેલ | કેનેડા | ૪૫ |
| પંચમ | યોગીતા એચ. રાબડિયા | યુ.કે. | ૪૫ |

## સ્વામિનારાયણ લગ્નપ્રથા - સાત્વિક લગ્નોત્સવ

કારણ સત્સંગના સિદ્ધાંતો મુજબ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ૨૨મો સાત્ત્વિક લગ્નોત્સવ તા. ૧૧-૧૨-૨૦૨૨ ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ પ્રથામાં **SMVS**ના નિકટવર્તી હરિભક્તોએ અચૂક જોડાવું. આ સાત્ત્વિક લગ્નપ્રથાથી આપણી સર્વોપરી ઉપાસના અને પતિવ્રતાની ભક્તિ અખંડિત રહે, રજોગુણી વાતાવરણથી મુક્તિ મળે, લોકલાજમાં દેખાદેખીથી થતા ખોટા ખર્ચાઓ બંધ થાય તેમજ શ્રીજીમહારાજના દિવ્ય સાંનિધ્ય ને સાક્ષીએ લગ્નોત્સવ થાય જેમાં એમનો અપાર રાજીપો થાય છે. આ લગ્નપ્રથામાં જોડાવા માટે નીચેના હરિભક્તોનો સંપર્ક કરવો :

• અમૃતભાઈ ધૂળાભાઈ પટેલ (સ્વા.ધામ) - ૯૯૨૫૨૩૭૦૧૧ • અમૃતભાઈ મગનભાઈ પટેલ (વાસણા) - ૯૯૨૫૩૨૦૭૯૫


# SMVS પરિણય

**એસ.એમ.વી.એસ. સંસ્થાના દીકરા-દીકરીઓનાં નિષ્ઠા, નિયમ-ધર્મ સચવાય તેમજ તેઓના સુખી-સંપન્ન દાંપત્ય જીવન માટે એસ.એમ.વી.એસ. સંસ્થા પ્રસ્તુત કરે છે...**






SMVS PRESENTS

SMVS Parinay

GET IT ON Google Play

Download on the App Store

પ્લે સ્ટોર તેમજ ઍપ સ્ટોર પર નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

- લગ્નગ્રંથિથી જોડાવા માટે દેશ અને વિદેશના દીકરા-દીકરીઓની પસંદગી કરવી બનશે હવે વધુ સરળ.
- એસ.એમ.વી.એસ.ના લગ્નોત્સુક દીકરા-દીકરીઓની માહિતી હવે એક જ જગ્યા પરથી મળશે.
- એસ.એમ.વી.એસ.ના સત્સંગી હરિભક્તો જ આ ઍપમાં જોડાઈ શકશે.

**ઍપની વિશેષતા**

જેમાં આપને મળશે...

- વ્યક્તિગત માહિતી - ફોટોગ્રાફ
- વ્યવસાયિક માહિતી
- પારિવારિક માહિતી
- પરિચિત સત્સંગીની વિગત

**ઍપના Security ફીચર્સ**

- OTP આધારિત લૉગ ઇન
- SMS દ્વારા કન્ફર્મેશન
- E-mail કન્ફર્મેશન
- કનેક્ટ ફીચર
- નોટિફિકેશન ફીચર
- એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ દીકરા-દીકરીઓની વ્યક્તિગત પ્રોફાઇલ

તો આજે જ આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય સત્સંગી જીવનસાથી પસંદ કરવા ડાઉનલોડ કરો '**SMVS પરિણય**' ઍપ.

**ખાસ નોંધ : આ ઍપ્લિકેશનમાં જોડાવા માટેની રિક્વેસ્ટ (અરજી) કર્યા પછી રિક્વેસ્ટ કરનારને સભ્યપદ આપવાનો અંતિમ નિર્ણય વ્યવસ્થાપકોનો રહેશે.**


જગત આખું માટીની દુનિયા જ છે.










**"દેશ-વિદેશે મહિમા ગાતા, વિજયધ્વજા લહેરાતા..."**

વિદેશના મહિલા સમાજને મહારાજ અને મોટાપુરુષના મહિમાસભર કરવા તથા રાજીપાના રાજમાર્ગ પર પ્રગતિ કરાવવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે મહિલા વિંગના વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. જાગુબેનનું યુ.એસ.એ., યુ.કે. ખાતે સત્સંગ વિચરણ યોજાયું. આ અન્વયે પૂ. ત્યાગી મહિલામુક્તોનું પ્રથમ મંડળ તા. ૧૬-૬-૨૦૨૨ના રોજ યુ.એસ.એ. માટે રવાના થયું. જેમાં પૂ. લલિતાબેન, પૂ. સ્મૃતિબેન, પૂ. જલ્પાબેન, પૂ. કેયૂરીબેન અને હરિભક્તોમાં પ.ભ. પ્રાર્થનાબેન પટેલ જોડાયાં હતાં.

ત્યારબાદ બીજાં બે મંડળ તા. ૨૮-૭-૨૦૨૨ના રોજ રવાના થયાં. જેમાં યુ.એસ.એ. ખાતે પૂ. જાગુબેન સાથે પૂ. ગાર્ગીબેન તથા હરિભક્તોમાં પ.ભ. સ્નેહલબેન સોની જોડાયાં હતાં. જ્યારે યુ.કે. ખાતે પૂ. પિંકલબેન, પૂ. ધ્વનિબેન, પૂ. જ્યોત્સ્નાબેન અને હરિભક્તોમાં પ.ભ. રમીલાબેન પટેલ તથા પ.ભ. હીરલબેન દેવાણી જોડાયાં હતાં. વળી, ચોથું મંડળ તા. ૨૫-૮-૨૦૨૨ના રોજ કેનેડા ખાતે રવાના થયું. જેમાં પૂ. સ્મૃતિબેન તથા પૂ. ગાર્ગીબેન પધાર્યાં હતાં.

**યુ.એસ.એ. સત્સંગ વિચરણ :**

તા. ૨૯-૭-૨૦૨૨ના રોજ વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. જાગુબેન યુ.એસ.એ. ખાતે જે.એફ. કે. એરપોર્ટ પર પધાર્યાં. એરપોર્ટ પર મહિલા ભક્તોએ વ્હાલા મહાપ્રભુ તથા પૂ. જાગુબેનનું ભાવભીનું સ્વાગત કર્યું. ત્રણ વર્ષ બાદ પૂ. જાગુબેનનાં દર્શન અને સમાગમનો લાભ મળનાર હોઈ સૌના હૈયે અતિશે આનંદ હતો.

તા. ૩-૮-૨૦૨૨ના રોજ કેલિફૉર્નિયા ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. જાગુબેન સૌપ્રથમ વાર પધાર્યાં. ત્યાંના મુક્તોએ જૉબ પર રજા લઈ ખૂબ મહિમાસભર થઈ લાભ લીધો. એ જ રીતે યુ.એસ.એ. ખાતે બંને મંડળો દ્વારા કુલ ૧૪ સ્ટેટ જેવા કે ન્યૂજર્સી, પેન્સિલ્વેનિયા, કનેક્ટિકટ, મૅસચ્યૂસિટ્સ (બોસ્ટન), વર્જિનિયા, મેરીલૅન્ડ, ન્યૂયૉર્ક, જૉર્જિયા, ઈલિનોઇ, ઓહાયો, કેન્ટકી, ટેનિસી, નોર્થ કૅરોલીના, સાઉથ કૅરોલીના ખાતે સત્સંગ વિચરણ યોજાયું.

વિવિધ સત્સંગ પ્રોગ્રામો જેવા કે પ્રાતઃ સભા, અંગત સભા,

જાહેર સભા, બાલિકા સભા, કિશોરી સભા, એસ.બી.એસ. સભા, મહિલા શિબિર, સંચાલક-કાર્યકર શિબિર, સમૂહપૂજા, આદર્શ પ્રૉજેક્ટ સભા, અંગત બેઠક તથા ૨૩૪ જેવી પધરામણી દ્વારા યુ.એસ.એ.નો મહિલા સમાજ સત્સંગના રંગે રંગાયો.

**કૅનેડા સત્સંગ વિચરણ :**

તા. ૨૫-૮-૨૦૨૨ના રોજ પૂ. સ્મૃતિબેન તથા પૂ. ગાર્ગીબેન કૅનેડા ખાતે વિચરણ અર્થે પધાર્યાં. કૅનેડા મંદિરની જાહેર સભાની સાથે સાથે બ્રેમ્પટન તથા સ્કારબોરો ખાતે એરિયા સભા યોજાઈ. વળી, એક-દિવસીય મહિલા શિબિરનું પણ આયોજન થયું. પ.ભ. હીરલબેન પટેલને ત્યાં ફાર્મમાં કિશોરી શિબિરનું આયોજન થયું.

વળી નૉર્થયૉર્ક, ઈટોબિકોક, બ્રેમ્પટન, કેલીડોન, ઓશાવા, એજેક્સ, સ્કારબોરો વગેરે એરિયા ખાતે કુલ ૪૦ પધરામણીનું આયોજન થયું. સાથે સાથે પ્રાતઃ સભા, અંગત સભા, બાલિકા સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, એસ.બી.એસ. સભા, એસ.બી.એસ. પેરેન્ટ્સ સભા, અંગત સભા દ્વારા મહિલા સમાજ રાજીપાના માર્ગે ગતિમાન બન્યો.

**યુ.કે. સત્સંગ વિચરણ :**

તા. ૨૮-૭-૨૦૨૨ના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહાપ્રભુ સાથે પૂ. પિંકલબેન તથા પૂ. ત્યાગી મહિલામુક્તો યુ.કે. ખાતે વિચરણ અર્થે પધાર્યાં. વ્હાલા પૂ. જાગુબેન તા. ૯-૯-૨૦૨૨ના રોજ યુ.કે. ખાતે પધાર્યાં.

યુ.કે.ના વિવિધ એરિયા જેવા કે, કિંગ્સબરી, ક્વીન્સબરી, એજવેર, સ્ટેનમોર, નોર્થ હૉલ્ટ, બર્ન્ટઓક, કેન્ટન, ટુટિંગ, વૉટફૉર્ડ, કોલીન્ડેલ, હેરો, બાર્નેટ, હેટફીલ્ડ, સ્કૉટલૅન્ડ, લીડ્સ, મૅંચિસ્ટર, કૉવેન્ટ્રિ, બર્મિંહેમ, લેસ્ટર, ઈસ્ટ લંડન, બોરહામવુડ ખાતે કુલ ૧૧૫ પધરામણી થઈ હતી.

યુ.કે.ના કુલ ૫૫ દિવસના વિચરણ દરમ્યાન પ્રાતઃ સભા, સંધ્યા સભા, અંગત સભા, એરિયા સભા, કિશોરી સભા, બાલિકા સભા, એસ.બી.એસ. સભા, મહિલા શિબિર, સમૂહપૂજા, આદર્શ પ્રૉજેક્ટ સભા, સંચાલક-કાર્યકર શિબિર, પિકનિક, આત્મીય સંમેલન, અંગત બેઠકો દ્વારા મહિલા સમાજ બળિયો બન્યો.

તમામ સેન્ટરોમાં વ્હાલા મહાપ્રભુને રાજી કરવા કીર્તનભક્તિ તથા ભક્તિયાત્રાના પ્રોગ્રામો યોજાયા. જેમાં અનેક મુમુક્ષુઓ લાભ લઈ ધન્ય બન્યા. સમગ્ર મહિલા સમાજે સભા, શિબિરોનો ખૂબ જ ઉત્સાહ-ઉમંગભેર તથા રાજીપો કમાવવાની ભૂખ-ગરજ સાથે લાભ લીધો. વળી, સૌ ઘરધણી થઈ નાની-મોટી સેવાઓ ઉપાડી લઈ મહારાજ અને મોટાપુરુષનો ખૂબ રાજીપો કમાયાં.

આમ, યુ.એસ.એ.ના કુલ ૯૭ દિવસ, કૅનેડાના ૧૨ દિવસ, યુ.કે.ના ૫૫ દિવસ દરમ્યાન ૪ મંડળો દ્વારા કુલ ૧૧૫ પ્રાતઃ સભા, ૧૬ સંધ્યા સભા, ૯૪ અંગત સભા, ૩૦ જાહેર સભા, ૧૦ એરિયા સભા, ૯ મહાપૂજા સભા, ૨૫ કિશોરી સભા-શિબિર, ૩૭ બાલિકા સભા-શિબિર, ૭ એસ.બી.એસ. સભા, ૧ એસ.કે.એસ. સભા, ૯ મહિલા શિબિર, ૮ અગ્રેસર ટ્રેનિંગ, ૧૦ સંચાલક-કાર્યકર શિબિર, ૧૫ આદર્શ પ્રૉજેક્ટ સભા, ૭ સમૂહપૂજા, ૪૦૩ અંગત બેઠક, ૩૮૯ પધરામણી, ૮ ભક્તિયાત્રા, ૨ જળઝીલણી ઉત્સવ, અભિષેક ઉત્સવ, આત્મીય સંમેલન વગેરે વિવિધ આયોજનો યોજાયાં. જેના દ્વારા યુ.એસ.એ. કૅનેડા ને યુ.કે.ના મહિલા સમાજમાં કારણ સત્સંગના ખૂંટ ખોડાયા.

તા. ૨૧-૯-૨૦૨૨ના રોજ સર્વે મુક્તો વિચરણ પૂર્ણ કરી ઇન્ડિયા પરત પધાર્યાં.


**નૂતન પ્રકાશન**










**SMVS પ્રકાશિત કરે છે...**

**નૂતન Executive Notebook**

**ડાયરીની વિશેષતા :**

- સત્સંગ સભા, મિટીંગ તથા દૈનિક કાર્યો માટે ઉપયોગી
- આકર્ષક ગ્રાફિક્સ
- સિંગલ તથા ફેમિલીપૅક ઉપલબ્ધ

**પ્રાપ્તિસ્થાન :**

એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ પર ઉપલબ્ધ.

"માટે અતિ હેતે કરીને ભગવાનનું ધ્યાન કરવું, કથાવાર્તા કરવી ને સાંભળવી, કીર્તન બોલવાં ને શીખવાં... કીર્તન બોલવા, શીખવામાં મહારાજ અને મોટા રાજી થાય."

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૪

નૂતન સાહિત્યિક પ્રકાશન

# કીર્તન સરિતા




## : વિશેષતાઓ :

- આકર્ષક હાર્ડ બાઉન્ડ એમ્બોઝિંગ ટાઇટલ
- સમગ્ર અનુક્રમ સિવાય અકારાદિ મુજબ તથા વિષય મુજબ એમ બે પ્રકારની અનુક્રમણિકા
- ભગવાન સ્વામિનારાયણ તથા મોટાપુરુષનો મહિમા, સ્વરૂપનિષ્ઠા, સાધુતા, ઉપદેશ તથા અન્ય ઘણા વિષયો પર નંદ સંતો રચિત કીર્તનો
- વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી રચિત તમામ કીર્તનોનો સમન્વય
- એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા પ્રકાશિત નૂતન કીર્તનોનો સમન્વય

પ્રાપ્તિસ્થાન :

એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ.




















(૧-૩) વડોદરા તથા ગોતા ખાતે અનુક્રમે ગુરુજીની પધરામણીનો લાભ (૪-૭) હિંમતનગર તથા ઈડર ખાતે સભા તથા પધરામણીમાં ગુરુજીનો લાભ (૮) સ્વામિનારાયણ ધામ ગાંધીનગર ખાતે સમર્પિત મુક્તોને લાભ આપતા ગુરુજી

Ghanshyam, November-2022. Published on 10-11-2022. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.




૧

## સંત કેમ્પ : ૨૦૨૨



૨



૩



૪




૫